# कस्तूरी प्रकरः





|| કલિકાલ કલ્પતરુ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમ :||
શ્રીમદાત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-મહોદય-મિત્રાનન્દ-મહાબલસૂરીશ્વરેભ્યો નમઃ ||

कविशार्दूल श्रीहेमविजयगणि विरचितः

# कस्तूरी प्रकरः

(ભાવાર્થ સહ)

-: સંશોધક+સંપાદક :-

વાત્સલ્યાદિગુણનિધિ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય મહાબલસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન

સુવિશાલગચ્છાધિપતિ પૂ. આ. ભ.
શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા

-: પ્રકાશકઃ-
શ્રી પાર્શ્વાભ્યુદય
પ્રકાશન
અમદાવાદ

| | | |
|---|---|---|
| ગ્રંથનામ | : | કસ્તૂરી પ્રકર |
| ગ્રંથકાર | : | કવિવર્ય શ્રી હેમવિજયજી ગણિ |
| ગ્રંથ રચના કાળ | : | વિ.સં.૧૬૫૦ (પ્રાયઃ) |
| વિષય | : | દાનાદિ ૩૨ વિષયો |
| સંશોધક+સંપાદક | : | ગચ્છાધિપતિ પૂ.આ.ભ.<br>શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા |
| પ્રકાશક | : | શ્રી પાર્શ્વાભ્યુદય પ્રકાશન |
| વિમોચન પર્વ | : | વિ.સં.૨૦૬૯ પોષ સુદ ૧૩<br>''સૂરિરામચન્દ્ર દીક્ષાશતાબ્દીપર્વ'' |
| આવૃત્તિ | : | પ્રથમ |
| નકલ | : | ૧૦૦૦ |
| મૂલ્ય | : | ૧૫૦/- |
| ISBN | : | 978-81-920441-6-3 |

-: સંપ્રાપ્તિ સ્થાન :-

**પાર્શ્વાભ્યુદય પ્રકાશન**

**રમેશભાઈ એમ. જૈન**

બી. ૩૧/૩૩ ઘનશ્યામ એવન્યુ, ચોથા માળે,
સી. યુ. શાહ કોલેજની સામે
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪

ફોન : (૦૭૯) ૨૭૫૪૨૮૨૩, ૨૭૫૪૨૮૧૯
મો. ૯૮૨૫૦૧૮૨૬૪

# ...પ્રકાશકીય....

કર્તવ્યનું જ્ઞાન કરાવનાર અને અકર્તવ્યનું ભાન કરાવનાર

**કસ્તૂરી પ્રકર** નામાંકિત ગ્રંથરત્નનું પ્રકાશન કરતા

અમો અનહદ આનંદ અનુભવીએ છીએ તથા

પ્રસ્તુત ગ્રંથનું સંપાદન કરી અમારી ઉપર મહોપકાર કરનારા

વાત્સલ્યવારિધિ ગુરુદેવ

**પૂજ્ય આચાર્ય ભગવંત**

**શ્રીમદ્ વિજય મહાબલસૂરીશ્વરજી મહારાજાના**

પટ્ટધરરત્ન સન્માર્ગદર્શક ગુરુદેવ, સુવિશાલ ગચ્છાધિપતિ

**પૂજ્ય આચાર્ય ભગવંત**

**શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજાના**

અમો ઋણી છીએ તેમજ પ્રસ્તુત પ્રકાશનનો લાભ લઈને

જ્ઞાનદ્રવ્યનો સદ્વ્યય કરનારા

**શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જૈન શ્વે.મૂ.પૂ. તપા. સંઘ-નાસિક**ની

શ્રુતભક્તિની અમો હાર્દિક અનુમોદના કરીએ છીએ...

**-:શ્રી પાર્શ્વાભ્યુદય પ્રકાશન:-**



**: સાદર સમર્પણ :**

*દીક્ષા હતી જબ દોહિલી, દીક્ષિત બન્યા તબ આપશ્રી*
*દીક્ષા બને જગ સોહિલી, માટે લડયા ખૂબ આપશ્રી*
*દીક્ષા તણા ગુંજે નગારા, આપનો ઉપકાર તે*
*હે રામચન્દ્રસૂરીશ્વરં, તમને સદા નમસ્કાર છે....*

જિનવાણીના માધ્યમે
સૂકાયેલા સંયમરૂપી કલ્પવૃક્ષને નવપલ્લવિત-પુષ્પિત અને ફલિત
કરનારા દીક્ષાધર્મના મહાન્ આરાધક-પ્રભાવક અને સંરક્ષક
દીક્ષાયુગપ્રવર્તક પૂજ્ય આચાર્ય ભગવંત

## શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના

પરમપાવન પાણિપદ્મમાં દીક્ષા શતાબ્દી પર્વ પ્રસંગે
આ ગ્રંથ-પુષ્પ શ્રદ્ધાપૂર્વક સમર્પણ કરીએ છીએ

## સંપાદકીય :

પરમાત્મશાસનના પરમાર્થને પામેલા પરમગીતાર્થ અને પરમહિતસ્વી મહાપુરુષોએ સ્વ-પરના આત્મહિતની ભાવનાથી સંખ્યાબંધ હિતોપદેશક ગ્રંથરત્નોની સંરચના કરી છે...

'સૂક્તાવલી'ના મૂળનામે અપ્રસિદ્ધ અને 'કસ્તૂરી પ્રકર'ના ઉપનામે અલ્પપ્રસિદ્ધ પ્રસ્તુત ગ્રંથરત્ન પણ તે ગ્રંથરત્નોમાં સ્થાન-માનને પામેલું એક પ્રચ્છન્ન રત્ન છે..

'કસ્તૂરી પ્રકર'ના નામે ઓળખાતી જુદા-જુદા ચાર કર્તાઓ કૃત જુદી-જુદી ચાર કૃતિઓ જૈન સંસ્કૃત સાહિત્યમાં ઉપલબ્ધ છે...તેમાંથી પ્રસ્તુત કૃતિના કર્તા છે અકબર પ્રતિબોધક, જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજાના સુવિશાલ સામ્રાજ્યવર્તિ મહાજ્ઞાની અને મહાસંયમી પૂ.પં.શ્રી કમલવિજયજી ગણિવર્યના પ્રતિભાસંપન્ન શિષ્યોત્તમ આશુકવિવર્ય પૂ.પં.શ્રી હેમવિજયજી ગણિવર્ય... વૈક્રમીય ૧૬૫૦માં વર્ષે રચાયેલી આ કૃતિ ઉપર તેઓશ્રીમદે સ્વોપજ્ઞ ટીકા પણ રચી છે એવો ઉલ્લેખ સાંપડે છે પરંતુ કમનસીબે તેની એક પણ પ્રતિ ઉપલબ્ધ થઈ શકી નથી..ઉદ્ભટ વિદ્વાન્, મહાકવિ, કવિશાર્દૂલ વગેરે વિવિધ વિશેષણોથી નવાજાયેલા આ કવિ મહાપુરુષે આ સિવાય પણ શ્રીપાર્શ્વનાથચરિત્ર, સૂક્તરત્નાવલી, કથારત્નાકર, કીર્તિકલ્લોલિની મહાકાવ્ય, વિજય પ્રશસ્તિ મહાકાવ્ય, અન્યોક્તિ મુક્તા મહોદધિ, સદ્ભાવશતક, ઋષભશતક, સ્તુતિ ત્રિદશત-રંગિણી, કમલવિજયગણિ રાસ વગેરે સંખ્યાબંધ ગ્રંથરત્નોની જૈન સંઘને ભેટ ધરી છે... તેઓશ્રી સિદ્ધહસ્ત પ્રશસ્તિ લેખક હતા... ગિરિરાજના આદીશ્વર જિનાલયની પ્રશસ્તિ વગેરે અનેક જિનાલય

પ્રશસ્તિઓ તથા કલ્પ કિરણાવલી, જંબૂદીપ પન્નત્તિ ટીકા પ્રશસ્તિ વગેરે ગ્રંથ પ્રશસ્તિઓ આ વાતનો બોલતો પૂરાવો છે...

'જગદ્ગુરુશ્રી' સમ્રાટ અકબરને મળવા પધાર્યા ત્યારે પોતાના સેંકડો શિષ્ય-પ્રશિષ્યોમાંથી થોડાકને ચૂંટીને સાથે લીધા હતા તેમાં પં.હેમવિજયજી ગણિનું પણ નામ છે આના પરથી એમ કલ્પી શકાય કે તેઓશ્રી 'જગદ્ગુરુશ્રી'ની પ્રીતિનું અને વિશ્વાસનું ભાજન હતા...પ્રસ્તુત કૃતિનું સર્વપ્રથમવાર પ્રકાશન ઇસ્વી સન્ ૧૯૦૮માં શ્રુતોપાસક સુશ્રાવક ભીમશીભાઈ માણેકલાલે કર્યું હતું... કાળક્રમે જીર્ણ અને દુષ્પ્રાપ્ય બનેલી આ કૃતિ શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર-કોબા વગેરે અનેક શ્રુતભંડારોમાંથી હસ્તગત થયેલી હસ્તલિખિત પ્રતોના આધારે શુદ્ધિકરણને પામી અને ભાવાર્થના નવલેખનથી અલંકૃત બની પુનઃપ્રકાશમાં આવી રહી છે તે આનંદની વાત છે... અને તેથી પણ અધિક આનંદની વાત એ છે કે સંઘપરમહિતચિંતક, દીક્ષાયુગપ્રવર્તક, પરમગુરુદેવ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના દીક્ષા શતાબ્દીના શાનદાર શિખર મહામહોત્સવ અન્તર્ગત આ ગ્રંથનું વિમોચન થઈ રહ્યું છે...

૧૮૨ શ્લોક પ્રમાણ આ ગ્રંથમાં દ્વાર કાવ્યમાં દર્શાવેલા દાનાદિ ૩૨ વિષયોનું ક્રમબદ્ધ અને છંદોબદ્ધ નિરુપણ સરળ અને રસાળ શૈલીમાં 'ગ્રંથકારશ્રી'એ કર્યું છે. સંસારમાં ડગલે અને પગલે મળતા આત્માનું અહિત કરનારા નિમિત્તોને પામીને અહિતના પંથે જઈ રહેલા ભવ્યાત્માઓને રોકવા માટે લાલબત્તી સમાન અને હિતના પંથે વાળવામાટે માર્ગદર્શક પાટિયા સમાન આ ગ્રંથરત્નના સમ્યગ્ પઠનાદિદ્વારા સહુ કોઇ પરમહિત સ્વરુપ પરમપદને પામનારા બને એવી શુભભાવના આ ગ્રંથના સંપાદન ક્ષણે ભાવું છું..

દ. વિજય પુણ્યપાલસૂરિ
વિ.સં. ૨૦૬૯, શ્રી મૌન એકાદશી પર્વ
શ્રી વાચકયશ સ્મૃતિદિન
દર્ભાવતી તીર્થ

## સુકૃત લાભ કમાયા

મહારાષ્ટ્ર દેશોદ્ધારક પૂજ્ય આચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

મહારાષ્ટ્ર કેસરી પૂજ્ય આચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજા**

મહારાષ્ટ્ર સંઘોપકારી પૂજ્ય આચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજય મહાબલસૂરીશ્વરજી મહારાજા**

મહારાષ્ટ્ર શાર્દૂલ પૂજ્ય આચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા**

આદિ મહાપુરુષોએ

મહારાષ્ટ્રના શ્રી સંઘો ઉપર તથા નાસિક સંઘ ઉપર કરેલા અનંતાનંત ઉપકારોની સ્મૃત્યર્થે આ ગ્રંથ પ્રકાશનનો સંપૂર્ણ લાભ જ્ઞાન નિધિમાંથી

# શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ, નાસિક

તરફથી લેવામાં આવ્યો છે...શ્રુતભક્તિની ભૂરિ ભૂરિ અનુમોદના

તા.ક. : આ ગ્રંથ જ્ઞાનદ્રવ્યમાંથી છપાયો હોવાથી યોગ્ય મૂલ્ય જ્ઞાનખાતામાં ચૂકવી પછી જ ગૃહસ્થોએ ગ્રંથની માલિકી કરવી...

## -: પ્રક્રમાનુક્રમ :-


* દ્વાર કાવ્ય
૧) દાન પ્રક્રમ
૨) શીલ પ્રક્રમ
૩) તપ પ્રક્રમ
૪) ભાવ પ્રક્રમ
૫) ક્રોધત્યાગ પ્રક્રમ
૬) માનત્યાગ પ્રક્રમ
૭) માયાત્યાગ પ્રક્રમ
૮) લોભત્યાગ પ્રક્રમ
૯) પિતૃપૂજા પ્રક્રમ
૧૦) ગુરુસેવા પ્રક્રમ
૧૧) પ્રભુપૂજા પ્રક્રમ
૧૨) વિનય પ્રક્રમ
૧૩) ન્યાય પ્રક્રમ
૧૪) પૈશુન્યત્યાગ પ્રક્રમ
૧૫) સત્સંગ પ્રક્રમ
૧૬) મનઃશુદ્ધિ પ્રક્રમ
૧૭) દ્યૂતત્યાગ પ્રક્રમ
૧૮) માંસત્યાગ પ્રક્રમ
૧૯) મદ્યત્યાગ પ્રક્રમ
૨૦) વેશ્યાત્યાગ પ્રક્રમ
૨૧) શિકારત્યાગ પ્રક્રમ
૨૨) ચોરીત્યાગ પ્રક્રમ
૨૩) પરસ્ત્રીત્યાગ પ્રક્રમ
૨૪) ઈન્દ્રિયત્યાગ પ્રક્રમ
૨૫) અહિંસા પ્રક્રમ
૨૬) સત્ય પ્રક્રમ
૨૭) અદત્ત પ્રક્રમ
૨૮) બ્રહ્મચર્ય પ્રક્રમ
૨૯) અપરિગ્રહ પ્રક્રમ
૩૦) ગુણ પ્રક્રમ
૩૧) વૈરાગ્ય પ્રક્રમ
૩૨) વિવેક પ્રક્રમ
* પ્રશસ્તિ કાવ્ય

# अथ श्री कस्तूरी प्रकरः

## शार्दूलविक्रीडितवृत्तम्

कस्तूरीप्रकरः कृपाकमलदृग्गल्लस्थले षट्पद,-
व्रातः सातसरोजसुन्दररसे खड्गः स्मरध्वंसने।
कल्याणद्रुमसेचने घनचयो लावण्यवल्ल्यंकुरः,
केशानां निचयः पुनातु भुवनं श्रीनाभिसूनोर्लसन् ॥१॥

वाग्देवीवरवित्तवित्तपतयः कारुण्यपण्यापण,-
प्रावीण्यप्रसिताः प्रसत्तिपटवस्ते सन्तु सन्तो मयि।
आमोदः सरसीरुहामिव मरूत्पूरैः प्रथां प्राप्यते,
वाचां विश्वसभासु यैर्जडभुवामप्युल्लसद्भिर्गुणः ॥२॥

## द्रुतविलम्बितवृत्तम्

अमृतमब्धिसुता च दृशोः सतां,
वसति चेतसि निश्चय एष नः।
विबुधता पुरुषोत्तमतापि यत्,
स्थितिमुपैति नरे तदुरीकृते ॥३॥

કરુણારૂપી સ્ત્રીના ગાલ ઉપર કસ્તૂરીના સમૂહ સમાન, સુખરૂપી કમળની મકરંદને ગ્રહણ કરતા ભમરાઓના સમૂહ સમાન, કામદેવનો નાશ કરવા માટે તલવાર સમાન, કલ્યાણરૂપી વૃક્ષનું સિંચન કરવા માટે મેઘઘટા સમાન અને લાવણ્યરૂપી વેલડીના અંકુરા સમાન શોભતી શ્રીઋષભદેવ પ્રભુની વાળની લટ જગતને પાવન કરો (પ્રભુએ સંયમ ગ્રહણ સમયે ઈન્દ્રની પ્રાર્થનાથી જે એક મુટ્ઠિ વાળ બાકી રાખ્યા હતા તેની અપેક્ષાએ કવિની આ કલ્પના છે) ।।૧।।

સરસ્વતીદેવીના વરદાનરૂપી ધનથી કુબેર જેવા બનેલા અને દયારૂપી વેપારની દુકાન ચલાવવામાં કુશળતાને વરેલા સંતપુરુષો મારી ઉપર પ્રસન્ન થાઓ. કારણ વહેતા વાયૂ વડે જેમ કમળની સુવાસ વિશ્વમાં ફેલાય છે તેમ પ્રસન્ન થયેલા સંતો વડે મૂર્ખના પણ વાણીના ગુણ સમગ્ર વિશ્વમાં ફેલાય છે ।।૨।।

સંત પુરુષોની આંખોમાં અમૃત અને ચિત્તમાં લક્ષ્મી વસે છે એવો અમારો મત છે કારણ તેમનાથી સ્વીકૃત થયેલા માણસમાં અમરપણું અને પુરુષોત્તમપણું (શ્રીમંતપણું) કાયમ રહે છે ।।૩।।

## शार्दूलविक्रीडितवृत्तम्

सौरभ्यादिवसूनमोदनमिवस्वादप्रसादादिह,
स्निग्धत्वादिव गोरसं पिकयुवा सोत्कंठकंठादिव ।
वाजिराजि( ? ) जवादिवौषधरसो दुर्व्याधिरोधादिव,
श्लाघामेति जनो जनेषु नितरां पुण्यप्रभावोदयात् ।।४।।

तोयैरेव पयोमुचां भवति यन्नीरंध्रनीरं सरः,
पादैरेव नभोमणेर्भवति यल्लोकः सदालोकवान् ।
तैलैरेव भवेदभंगुरतरज्योतिर्मणिः सद्मनः,
पुण्यैरेव भवेदभंगविभवभ्राजिष्णुरात्मात्र तत् ।।५।।

## द्रुतविलम्बितवृत्तम्

न बहुधर्मविनिर्मितिकर्मठे,
मनुजजन्मनि यैः सुकृतं कृतम् ।
गृहमुपेयुषि तैरधनैः स्थितं,
त्रिदशशाखिनि वाञ्छितदायिनि ।।६।।

સુગંધના પ્રભાવે જેમ પુષ્પ અને સ્વાદના પ્રભાવે જેમ ખીર પ્રશંસાને પામે છે વળી સ્નિગ્ધતાના યોગે દૂધ અને કંઠમાધુર્યના યોગે જેમ કોયલ પ્રશંસાપાત્ર બને છે તથા વેગથી જેમ અશ્વની શ્રેણી અને દુઃસાધ્ય રોગનો રોધ કરવાથી જેમ ઔષધિરસ (રસાયણ) પ્રશંસનીય બને છે તેમ પુણ્ય-પ્રભાવના ઉદયથી મનુષ્ય લોકોમાં અત્યંત પ્રશંસાને પામે છે. ।।૪।।

વરસાદના પાણીથી જેમ સરોવર સંપૂર્ણ ભરાય છે. સૂર્યના કિરણોથી જેમ આ જગત સદા પ્રકાશિત થાય છે અને તેલથી જેમ ઘરનો દીવો અખંડ તેજવાળો થાય છે તેમ આ જગતમાં આત્મા પુણ્યયોગે અભંગ વૈભવથી સુશોભિત થાય છે. ।।૫।।

ઘણા પુણ્યને ઉપાર્જન કરવા માટે યોગ્ય આ માનવભવમાં જેઓએ પુણ્યકાર્ય કર્યું નથી. તેઓએ વાંછિતને આપનાર કલ્પવૃક્ષ ઘર આંગણે આવવા છતાં નિર્ધન રહેવા જેવું કર્યું છે. ।।૬।।

## शार्दूलविक्रीडितवृत्तम्

भोज्ये निर्जरराजभोज्यमधुरे हालाहलोऽक्षेपि तै,-
र्दुग्धे स्निग्धरसे रसेन निदधे तैरालनालं जलम् ।
क्षिप्तोच्चैः शिशिरे च चंदनरसे तैरात्मगुप्ता जडै,-
र्यैर्धर्मेऽनवधानता प्रविदधे स्वर्गापवर्गप्रदे ।।७।।

सालं स्वर्गसदां छिनत्ति समिधे चूर्णाय चिंतामणिं,
वह्नौ प्रक्षिपति क्षिणोति तरणीमेकस्य शंकोः कृते ।
दत्ते देवगवीं स गर्दभवधूग्राहाय गर्हागृहं,
यः संसारसुखाय सूत्रितशिवं धर्मं पुमानुज्झति ।।८।।

भूयांसः प्रमदाकटाक्षविशिखैर्विद्धाः स्मरासंगिनः,
सन्त्येके च सहस्रशः श्रितधनाः सक्षोभलोभाकुलाः ।
एतद्दाननिदानमत्र सुकृतं मत्वा सृजन्ति त्रिधा,
येऽत्यर्थं पुरुषार्थमन्यमनिशं ते केऽप्यनल्पेतराः ।।९।।

જે લોકોએ સ્વર્ગ અને મોક્ષ આપનારા ધર્મ પ્રત્યે દુર્લક્ષ્ય કર્યું છે. તે મૂર્ખજનોએ ઈન્દ્રના ભોજન જેવા મધુર ભોજનમાં હળાહળ ઝેર ભેળવ્યું છે. સુંદર સ્વાદવાળા દૂધમાં રસપૂર્વક હરતાલનું પાણી રેડ્યું છે અને શીતલ એવા ચંદનરસમાં સારીરીતે ક્રૌંચ[૧]નું ફળ ઉમેર્યું છે. ।।૭।।

જે પુરુષ મોક્ષ સાથે બંધાયેલ ધર્મને સંસારના સુખ માટે ત્યજી દે છે. તે નિંદનીય પુરુષ બળતણ માટે કલ્પવૃક્ષને છેદે છે. ચૂર્ણબનાવવા માટે ચિંતામણિ રત્નને અગ્નિમાં નાંખે છે. એક ખીલા માટે આખી નાવડીનો નાશ કરે છે અને ગધેડીને ખરીદવા માટે કામધેનૂ આપી દે છે. ।।૮।।

યુવાન સ્ત્રીઓના કટાક્ષોરૂપી બાણથી વિંધાએલા કામાસક્ત માણસો ઘણા છે અને ક્ષોભસહિત લોભથી આકુળ અસામાન્ય ધન વાનો પણ હજારો છે પરંતુ આ બન્નેને આપનારું કારણ ધર્મ છે એવું માણીને મન-વચન-કાયાથી આ ધર્મ નામના પુરુષાર્થને અત્યંત અને હંમેશા વળગીને રહે એવા તો કો'ક વિરલા જ હોય છે. ।।૯।।

---

૧. "ક્રૌંચ" એટલે વનમાં વાલોરનાં આકારનું થતું ફળ, જેનો સ્પર્શ કરવાથી શરીરમાં અત્યંત ચળ ઉપડે છે.

### हरिणीप्लुतवृत्तम्

मणिरिव रजःपुञ्जे कुञ्जे वनेचरगह्वरे,
पुरमिव तरुच्छायानच्छामराविव निस्तरौ ।
जडिमकुसुमारामे ग्रामे सभेव वचस्विनां,
कथमपि भवे क्लेशावेशे मतिः शुचिराप्यते ॥१०॥

## દ્વાર કાવ્ય

### शार्दूलविक्रीडितवृत्तम्

दानाद्यं सुकृतं कषायविजयं पूजां च पित्रागुरो-
र्देवानां विनयं नयं पिशुनतात्यागं सतां संगतिम् ।
हृच्छुद्धिं व्यसनक्षतीन्द्रियदमाऽहिंसादिधर्मान् गुणान्,
वैराग्यं च विदग्धतां च कुरु चेद्धोक्तुं विमुक्तिं मनः ॥११॥

## દાન પ્રક્રમ

ख्यातिं पुष्यति कौमुदीमिव शशी सूते च पूतात्मता -
मुद्योतं द्युतिमानिवावति सुखं तोयं तडित्वानिव ।
चातुर्यं च चिनोति यौवनवयः सौभाग्यशोभामिव-
क्षेत्रे बीजमिवानघे विनिहितं पात्रे धनं धीधनैः ॥१२॥

ધૂળના ઢગલામાં જેમ રત્ન, જંગલી પ્રાણી તથા ઝાડીવાલા કુંજમાં જેમ મકાન, વૃક્ષ વિનાની મરુભૂમિમાં જેમ વૃક્ષની ગાઢ છાયા અને મૂર્ખતા રૂપી ફુલોના બગીચા જેવા ગામડામાં જેમ વાણી કુશળોનો મેળાવડો ભાગ્યે જ પ્રાપ્ત થાય છે તેમ ક્લેશથી ઉભરાતા આ સંસારમાં નિર્મળ બુદ્ધિ ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. ॥૧૦॥

હે ભવ્યાત્મા ! મુક્તિવધૂને ભોગવવાનું જો તારું મન હોય તો દાનાદિ સત્કાર્ય[૪], કષાયોનો વિજય[૮], માત-પિતા તથા ગુરુ અને દેવોની પૂજા[૧૧], વિનય[૧૨], ન્યાય[૧૩], ચુગલીનો ત્યાગ[૧૪], સજ્જનોનો સંગ[૧૫], હૃદયની શુદ્ધિ[૧૬], વ્યસનોનો ત્યાગ[૨૩], ઈન્દ્રિયોનું દમન[૨૪], અહિંસાદિ ધર્મોનું પાલન[૨૯] તથા ગુણોને[૩૦], વૈરાગ્યને[૩૧] અને વિવેકને[૩૨] પ્રાપ્ત કર ॥૧૧॥

પંડિત પુરુષોએ પવિત્ર પાત્રમાં આપેલું ધન (દાન) ઉત્તમ ક્ષેત્રમાં વાવેલા બીજની જેમ લાભપ્રદ થાય છે, ચંદ્ર જેમ ચાંદનીને વ્યક્ત કરે તેમ તે કીર્તિને વ્યક્ત કરે છે. સૂર્ય જેમ તેજને ઉત્પન્ન કરે તેમ તે પવિત્ર ગુણોને ઉત્પન્ન કરે છે. મેઘ જેમ જલને આપે તેમ તે સુખને આપે છે અને યુવા અવસ્થા જેમ સૌન્દર્યની શોભાને વધારે તેમ તે દાન ચતુરાઈને વધારે છે. ॥૧૨॥

ये शीलं परिशीलयन्ति ललितं ते सन्ति भूयस्तरा-
स्तप्यन्ते ननु ये सुदुस्तरतपस्ते सन्ति चानेकशः ।
ते सन्ति प्रचुराश्च भासुरतरं ये भावमाबिभ्रते,
ये दानं वितरन्ति भूरि करिवत्ते केचिदेवावनौ ।।१३।।

संजातात्मजसंभवादिव महादेवीप्रसादादिव,
प्राप्तैश्वर्यपदादिव स्थिरतरश्रीभोगयोगादिव ।
लब्धस्वर्णरसायनादिव सदा संगादिव प्रेयसां,
देहीत्यक्षरयोः श्रुतेरपिभवेद्दातावदातानन: ।।१४।।

धैर्यं धावतु दूरतः प्रविशतु ध्यानं च धूमध्वजे,
शौर्यं जर्जरतां प्रयातु पटुता दुष्टाटवीं टीकताम् ।
रूपं कूपमुपैतु मूर्च्छतु मतिर्वंशोऽपि विध्वंसतां,
त्यागस्तिष्ठतु येन सर्वमचिरात्प्रादुर्भवेदप्यसत् ।।१५।।

જેઓ શીલનું સુંદર પાલન કરે છે એવા મનુષ્યો આ જગતમાં સંખ્યાબંધ છે. જેઓ અતિ કઠિન તપને તપે છે એવા મનુષ્યો પણ મોટી સંખ્યામાં છે અને જેઓ અતિ સુંદર ભાવને ધારણ કરે છે એવા પણ ઘણા છે પરંતુ જેઓ હાથી જેવું ઘણું દાન આપે છે એવા મનુષ્યો આ જગતમાં કો'ક જ હોય છે. ।।૧૩।।

પુત્રનો જન્મ થવાથી, મહાદેવી પ્રસન્ન થવાથી, ઐશ્વર્યની અને સત્તાની પ્રાપ્તિથી, લક્ષ્મીનો અને ભોગનો સ્થિર યોગ થવાથી, સુવર્ણ રસાયણની પ્રાપ્તિ થવાથી અને પ્રિયજનોનો કાયમી મેળાપ થવાથી મુખ જેવું પ્રફુલ્લિત થાય તેવું પ્રફુલ્લિત મુખ દાનવીર માણસનું 'દેહિ' (આપો) એવા બે અક્ષર સાંભળવા માત્રથી જ થાય છે. ।।૧૪।।

ધૈર્ય ભલે દૂર ભાગી જાઓ, ધ્યાન ભલે અગ્નિમાં પડો, શૌર્ય ભલે જીર્ણ થાઓ, ચતુરાઈ ભલે ભીમ અટવીમાં જાઓ, રૂપ ભલે કૂવામાં જઈ પડો, મતિ ભલે મૂર્ચ્છા પામો અને વંશ ભલે નાશ પામો પરંતુ એક ત્યાગ (દાન) રહો જેનાથી અછતી એવી પણ આ બધી ચીજો જલ્દી પ્રગટ થાય છે. ।।૧૫।।

काव्यं काव्यकलाकलापकुशलान् गीतं च गीतप्रियान्,
स्मेराक्षी स्मरघस्मरार्तिविधुरान् वार्ता च वार्तारतान् ।
चातुर्यं च चिरं विचारचतुराँस्तृप्नोति दानं पुनः,
सर्वेभ्योऽप्यधिकं जगन्ति युगपत्प्रीणाति यत्त्रिण्यपि ॥१६॥

## શીલ પ્રક્રમ

शीलादेव भवन्ति मानवमरुत्संपत्तयः पत्तयः,
शीलादेव भुवि भ्रमन्ति शशभृद्विस्फुर्तयः कीर्तयः,
शीलादेव पतन्ति पादपुरतः सच्छक्तयः शक्तयः,
शीलादेव पुनन्ति पाणिपुटकं सर्वर्द्धयः सिद्धयः ॥१७॥

वाल्लभ्यं वितनोति यच्छति यशः पुष्णाति पुण्यप्रथां,
सौन्दर्यं सृजति प्रभां प्रथयति श्रेयःश्रियं सिञ्चति ।
प्रीणाति प्रभुतां धिनोति च धृतिं सूते सूरौकःस्थितिं,
कैवल्यं करसात्करोति सुभगं शीलं नृणां शीलितम् ॥१८॥

કાવ્ય કાવ્યકળામાં કુશળ લોકોને, ગીત સંગીતપ્રેમીઓને, સ્ત્રી કામાગ્નિની પીડાથી વ્યાકુળ લોકોને, કથા કથારસિકોને, ચાતુર્ય લાંબુ વિચારવામાં ચતુર લોકોને ખુશ કરે છે પરંતુ દાન સર્વથી અધિક છે કારણ કે તે એક સાથે ત્રણે જગતને ખુશ કરે છે. ।।૧૬।।

શીલથી જ માનવ અને દેવસંબંધી સંપત્તિઓ અને સેનાઓ પ્રાપ્ત થાય છે. શીલથી જ ચંદ્ર જેવી ઉજ્વલ કીર્તિ વિશ્વમાં ફેલાય છે. શીલથી જ ઉત્તમ શક્તિઓ અને સત્તાઓ આવીને પગમાં પડે છે અને શીલથી જ સઘળી ઋદ્ધિઓ અને સિદ્ધિઓ હસ્તપુટને પાવન કરે છે (હસ્તગત થાય છે) ।।૧૭।।

સારી રીતે અભ્યસ્ત થયેલું શીલ પ્રિયતાને વિસ્તારે છે. યશને આપે છે. પવિત્ર એવી કીર્તિને ફેલાવે છે. સૌંદર્યનું સર્જન કરે છે. તેજનો વિસ્તાર કરે છે. કલ્યાણની શોભાને સિંચે છે. ઐશ્વર્યપણું આપે છે. ધૃતિને ધારણ કરાવે છે. દેવલોકમાં સ્થાન આપે છે અને (કૈવલ્ય) મોક્ષને હસ્તગત કરે છે. ।।૧૮।।

तावद्व्यालबलं च केसरिकुलं तावत्क्रुधा व्याकुलं-
तावद्रोगिभयं जलं च जलधेस्तावद्दृशं भीषणम् ।
तावच्चामयचौरबंधरणभीस्तावल्लसन्त्यग्नयो,
यावन्नैति जगज्जयी हृदि महान् श्री शीलमंत्राधिपः ।।१९।।

न्यस्ता तेन कुलप्रशस्तिरमला शीतद्युतेर्मंडले,
भ्राम्यँस्तेन नभस्वतां सहचरश्चक्रे स्वकीर्तेर्भरः ।
तेनालेखि निजाभिधानमनघं बिंबे च रोचिष्मतः,
कामं कामितकामकामकलशं यः शीलमासेवते ।।२०।।

न स्वर्भोज्यमिव त्यजन्ति वदनात् स्वर्योषितस्तद्यशो,
नैवोज्झन्ति तदंघ्रिरेणुममरा मौलेश्च मालामिव ।
सिद्धध्यानमिवोद्वहन्ति हृदये तन्नाम योगीश्वराः,
शीलालंकृतिमंगसंगतिमतीं ये जंतवः कुर्वते ।।२१।।

જગતને જીતનારો શીલરૂપી મહાન્ મંત્રાધિરાજ જ્યાં સુધી હૃદયમાં આવતો નથી ત્યાં સુધી જ ક્રોધથી વ્યાકુળ એવા વાઘના સામર્થ્યનો, સિંહના જૂથનો અને સાપનો ભય રહે છે. અતિભીષણ એવા જલધિના જલનો, રોગનો, ચોરનો, બંધનનો, યુદ્ધનો અને ભડભડતી આગનો ભય પણ ત્યાં સુધી જ રહે છે ।।૧૯।।

ઈચ્છિત વસ્તુને આપવામાં ખરેખર કામકુંભ સમાન શીલનું જે આસેવન કરે છે. તેને પોતાના કુળની નિર્મળ પ્રશસ્તિ ચન્દ્રના બિમ્બમાં સ્થાપન કરી છે. પોતાની કીર્તિના સમૂહને વાદળાઓનો સોબતી કરી બધે ફેલાવ્યો છે અને પોતાનું પવિત્ર નામ સૂર્યના બિમ્બમાં લખ્યું છે. ।।૨૦।।

જે પ્રાણીઓ શીલરૂપી અલંકારને અંગ ઉપર ધારણ કરે છે તેના યશ (ગાન) ને અપ્સરાઓ દૈવીભોજનની જેમ મુખમાંથી છોડતી નથી, તેના ચરણની રજને દેવો મુગુટની માળાની જેમ ત્યજતા નથી અને તેના નામને સિદ્ધ ધ્યાનની જેમ યોગીરાજો હૃદયમાં ધારણ કરે છે. ।।૨૧।।

## તપ પ્રક્રમ

नो भूयाज्ज्वलनैर्विना रसवतीपाको यथा कर्हिचित्,
संजायेत यथा विना मृदुमृदां पिंडं न कुंभः क्वचित् ।
तंतूनां निचयाद्विना निवसनं न स्याद्यथा जातुचि-
न्नोत्पद्येत विनोत्कटेन तपसा नाशस्तथा कर्मणाम् ।।२२।।

**मालिनीवृत्तम्**

कुशलकमलसूरं शीलसालाम्बुपूरं,
विषयविहगपाशं क्लेशवल्लीहुताशम् ।
मदनमुखपिधानं स्वर्गमार्गैकयानं,
कुरुत शिवनिदानं सत्तपोनिर्निदानम् ।।२३।।

**वसंततिलकावृत्तम्**

मार्गं मनोरममपास्य यथाभिलाष-
मक्षद्विपेषु विचरत्सु तपः सृणिः स्यात् ।
तत्तद्दमाय महनीयपदप्रदाय,
तस्मिन् यतध्वमपहाय रसेषु मूर्च्छाम् ।।२४।।

જેમ અગ્નિ વિના રસોઈનો પાક ક્યારેય થતો નથી, કોમળ માટીના પિંડ વિના ઘડો ક્યારેક બનતો નથી અને તાંતણાઓના સમૂહ વિના ઉત્તમ વસ્ત્ર ક્યારેય બનતું નથી તેમ ઉત્કટ તપ વિના કર્મોનો નાશ ક્યારેય થતો નથી. ।।૨૨।।

સુખરૂપી કમળને વિકસિત કરવામાં સૂર્ય સમાન, શીલરૂપી વૃક્ષને સિંચવામાં જલધારા સમાન, વિષયરૂપી પંખી માટે પાશ સમાન, ક્લેશની વેલડીને બાળવામાં અગ્નિ સમાન, કામદેવના મુખને ઢાંકવામાં ઢાંકણા સમાન, સ્વર્ગના માર્ગે ગમન કરવામાં એકમાત્ર વાહન સમાન અને મોક્ષના મૂળ કારણ સમાન ઉત્તમ તપને તમે નિઃસ્વાર્થભાવે કરો ।।૨૩।।

મનોહર માર્ગને છોડીને યથેચ્છ રીતે વિચરતા ઈન્દ્રિયોરૂપી હાથીઓ માટે તપ એ અંકુશ સ્વરૂપ છે. તેથી તેમના દમન માટે સ્વાદમાં મૂર્ચ્છાને ત્યજીને મહાન્ પદની (મોક્ષ) ભેટ દેનાર તે તપમાં તમે યત્ન કરો. ।।૨૪।।

नार्यो युवानमिव वार्धिमिवाब्धिपत्न्यो,
विद्या विनीतमिव भानुमिवांशवश्च ।
वल्ल्यः क्षमारुहमिवेन्दुमिवोडवश्च,
सल्लब्धयः समुपयान्ति तपश्चरन्तम् ॥२५॥

क्षारैरिवाम्बरमपां प्रकरैरिवांगं,
शाणैरिवास्त्रमनलैरिव जातरुपम् ।
भूर्मार्जनैरिव च नेत्रमिवांजनैश्च,
नैर्मल्यमावहति तीव्रतपोभिरात्मा ॥२६॥

## ભાવ પ્રક્રમ

### शार्दूलविक्रीडितवृत्तम्

दत्ते येन विना घनेऽपि हि धने स्यादुस्सहस्तद्व्यय
श्रीर्णे येन विना निकामविमले शीले च भोगक्षयः ।
तप्ते येन विना च दुस्तरतपःस्तोमे च कार्श्योदयः,
कार्यस्तत्फलमिच्छुभिः शुभतरे भावेऽत्र भव्यैर्लयः ॥२७॥

નારીઓ જેમ યુવાનની સમીપે, નદીઓ જેમ સમુદ્રની પાસે, વિદ્યા જેમ વિનીતની પાસે, કિરણો જેમ સૂર્યની સમીપે, વેલડીઓ જેમ વૃક્ષની પાસે અને નક્ષત્રો જેમ ચન્દ્રની પાસે આવે છે તેમ બધી ઉત્તમ લબ્ધિઓ તપસ્વીની સમીપે આવે છે. ॥૨૫॥

જેમ ક્ષારથી વસ્ત્ર, પાણીથી શરીર, સરાણથી શસ્ત્ર, અગ્નિથી સોનુ, સાવરણીથી ભૂમિ, અને અંજનથી આંખ નિર્મળ થાય છે તેમ તીવ્ર તપથી આત્મા નિર્મળ થાય છે. ॥૨૬॥

જેના વિના ઘણા ધનનું દાન આપવા છતાં પણ તે ધનનો વ્યય દુસ્સહ થાય છે. કામરહિત નિર્મળ શીલ પાળવા છતાં પણ (માત્ર) ભોગનો ક્ષય જ થાય છે. અને આકરા તપના સમૂહને તપવા છતાં પણ (કેવળ) દુર્બળતાનો જ લાભ થાય છે એવા શુભભાવમાં આ ત્રણેના ફળને ઈચ્છનારા ભવ્યાત્માઓએ લીન થવા યોગ્ય છે. ॥૨૭॥

श्रीर्हानिं ददतामुपैति दधतां शीलं च भोगक्षयः,
संक्लेशः सृजतां तपश्च पठतां कंठे भवेत् कुंठता ।
पूज्यानां नमतां च मानमथनं दुःखं व्रतं बिभ्रतां,
मत्वैवं न कथं करोषि सुकरे भावे मनस्विन् मनः ।।२८।।

नीरेणेव सरः सरोरुहमिवामोदेन शीतांशुना,
तुंगीवाम्बुजबंधुनेव दिवसः कुंभीव दानाम्बुना ।
पुत्रेणेव कुलं कुरंगनयना भर्त्रेव धत्ते श्रियं,
भावेन प्रचुरापि पुण्यपटुता प्रोल्लासमीता क्रिया ।।२९।।

कैश्चिद्दानमदायि शीलममलं चापालि कैश्चित्तपः,
कष्टं कैश्चिदधाय्यकारि विपिने कैश्चिन्निवासोऽनिशम् ।
कैश्चिद्ध्यानमधारि कैश्चिदनघश्चापूजि देवव्रजो,
यत्तेषां फलमापि चापरनरैस्तद्भावविस्फूर्जितम् ।।३०।।

દાન આપવાથી લક્ષ્મીની હાનિ થાય છે. શીલ પાળવાથી ભોગનો ક્ષય થાય છે. તપ કરવાથી કાયક્લેશ થાય છે. ભણવાથી કંઠશોષ થાય છે. પૂજ્યોને નમવાથી માનહાનિ થાય છે અને વ્રતને ધારણ કરવાથી દુઃખ થાય છે એવું માનીને પણ હે બુદ્ધિશાળી! તું સરળ એવા ભાવધર્મમાં મન સ્થિર કેમ કરતો નથી? ।।૨૮।।

જળથી જેમ સરોવર, સુગંધથી જેમ કમળ, ચંદ્રથી જેમ રાત્રી, સૂર્યથી જેમ દિવસ, મદજળથી જેમ હાથી, પુત્રથી જેમ કુળ, અને પતિથી જેમ સ્ત્રી શોભાને ધારણ કરે છે તેમ પવિત્રતાને અને અતિશય ઉલ્લાસને પામેલી ઘણી એવી પણ ક્રિયા ભાવથી શોભાને ધારણ કરે છે. ।।૨૯।।

કેટલાક લોકોએ દાન આપ્યું, કેટલાક લોકોએ શીલ પાળ્યું, વળી કેટલાક લોકોએ તપના કષ્ટને વેઠયું, કેટલાક લોકોએ અરણ્યમાં કાયમી નિવાસ કર્યો, કેટલાક લોકોએ ધ્યાન ધર્યું, વળી કેટલાક લોકોએ રાગાદિ દોષરહિત દેવોના સમૂહને પૂજ્યો પરંતુ તેનું ફળ (અનુમોદનાના ભાવથી) બીજા લોકોએ પ્રાપ્ત કર્યું. તે ભાવનો જ પ્રભાવ છે. ।।૩૦।।

### वसंततिलकावृत्तम्

सिद्धांजनं जनितयोगिजनप्रभावं,
भावं वदन्ति विदुषां निवहा नवीनम् ।
सिद्धो भवेन्मनसि संनिहिते यदस्मिन्,
पश्यन् जगन्ति मनुजो जगतामदृश्यः ।।३१।।

## ક્રોધત્યાગ પ્રક્રમ

### शार्दूलविक्रीडितवृत्तम्

स्कंधो युद्धमहीरुहस्य कुमतेः सौधो निबंधोंऽहसां,
योधो दुर्नयभूपतेः कृतकृपारोधोऽप्रबोधो हृदाम् ।
व्याधो धर्ममृगे वधो धृतिधियां गंधो विपद्वीरुधा-
मंधो दुर्गतिपद्धतौ समुचितः क्रोधो विहातुं सताम् ।।३२।।

### वसंततिलकावृत्तम्

वायुर्यथा जलमुचां समिधां यथाग्निः,
सिंहो यथा करटिनां तमसां यथार्कः ।
हस्ती यथावनिरुहां पयसां यथोष्मः,
शक्तस्तथा प्रशमनाय शमो रुषाणाम् ।।३३।।

વિદ્વાનોના સમૂહો ભાવને, યોગિજનને વિષે પ્રભાવને ઉત્પન્ન કરનાર નવા પ્રકારનું સિદ્ધાંજન કહે છે. જે મનમાં ઉપસ્થિત થતા સિદ્ધ (બનેલો) એવો તે મનુષ્ય જગતને જોતો હોવા છતાં જગત માટે અદશ્ય થાય છે. ।।૩૧।।

યુદ્ધરૂપી વૃક્ષના થડ સમાન, કુમતિના મહેલ સમાન, પાપોના કારણ સમાન, અનીતિરૂપી રાજાના યોદ્ધા સમાન, દયાના પ્રતિબંધક સમાન, હૃદયના અજ્ઞાન સમાન, ધર્મરૂપી પશુ માટે શિકારી સમાન, ધીરજ અને બુદ્ધિના હત્યારા સમાન, વિપત્તિની વધતી વેલડીની ગંધ સમાન અને દુર્ગતિ માર્ગને જોવામાં આંધળા સમાન ક્રોધને સજ્જનપુરુષોએ છોડવા યોગ્ય છે. ।।૩૨।।

વાયુ જેમ વાદળાઓનો નાશ કરવા માટે, અગ્નિ જેમ બળતણનો નાશ કરવા માટે, સિંહ જેમ હાથીઓનો નાશ કરવા માટે, સૂર્ય જેમ અંધકારનો નાશ કરવા માટે, હાથી જેમ વૃક્ષોનો નાશ કરવા માટે અને ગ્રીષ્મઋતુ જેમ જલનો નાશ કરવા માટે સમર્થ છે તેમ ઉપશમભાવ ક્રોધનું શમન કરવા માટે સમર્થ છે. ।।૩૩।।

## शिखरिणीवृत्तम्

तपःपूरं पाथोमुचमिव मरुत्संहरति यः,
कृपाकेलिं मुस्तांकुरमिव वराहः खनति यः ।
सुहृद्भावं नाशं हिममिव पयोजं नयति यः,
स कोपः साटोपः प्रविशति सतां चेतसि किमु ।।३४।।

## शार्दूलविक्रीडितवृत्तम्

ते धन्या अभिवंदनीयमिह तत्पादारविंदद्वयं,
ते पात्रं सकलश्रियां जगति तत्कीर्तिर्नरीनर्ति च ।
तन्माहात्म्यमसंनिभं सुरनरा सर्वेऽपि तत्किंकरा,
ये कोपद्विपसिंहशावसदृशं स्वांते शमं बिभ्रति ।।३५।।

## अनुष्टुप्वृत्तम्

वनवह्निर्नवः कोऽपि, कोपरुपः प्ररूपितः ।
आंतरं यस्तपोवित्तं, भस्मसात्कुरुते क्षणात् ।।३६।।

વાદળોને નષ્ટ કરતા પવનની જેમ જે તપના સમૂહનો નાશ કરે છે, મોથના અંકુરાને ઉખેડતા ડુક્કરની જેમ જે કૃપારુપી કેળ (કેળાંનું ઝાડ) ને ઉખેડી નાંખે છે, કમળનો નાશ કરતા બરફની જેમ જે મૈત્રીભાવનો નાશ કરે છે, તે આવેશ સહિતનો ક્રોધ સજ્જન પુરુષોના ચિત્તમાં શા માટે પ્રવેશ કરે? (ન જ કરે) ।।૩૪।।

જેઓ ક્રોધરૂપી હાથીને હણવામાં સિંહના બચ્ચા સમાન ઉપશમભાવને અંતઃકરણમાં ધારણ કરે છે તે લોકો ધન્ય છે. તેમના બન્ને ચરણકમળ આદર સહિત વંદનીય છે. તેઓ તમામ પ્રકારની લક્ષ્મી માટે યોગ્ય છે. તેમની કીર્તિ જગતમાં નૃત્ય કરે છે. તેઓનું મહાત્મ્ય અદ્વિતીય છે અને બધા જ દેવ-માનવો તેઓના ચાકર થઈને રહે છે. ।।૩૫।।

ક્રોધરૂપી કોઈ નવો જ દાવાનલ બતાવ્યો છે કે જે તપરૂપી આંતરિક ધનને ક્ષણવારમાં જ ભસ્મીભૂત કરે છે ।।૩૬।।

## માનત્યાગ પ્રક્રમ

### शार्दूलविक्रीडितवृत्तम्

जात्यैश्वर्यबलश्रुतान्वयतपोरुपोपलब्धिश्रितं,
गर्वं सर्वगुणैकपर्वतपविं मात्मन् कृथाः सर्वथा।
संगं गच्छति यत्र यत्र यदसौ तत्तद्विनाशास्पदं,
प्रेत्य प्राणभृतो भवन्त्यभिमतप्राप्तिप्रहीणाः क्षणात् ।।३७।।

### वसंततिलकावृत्तम्

औचित्यचारुचरिताम्बुजशीतपादं,
सत्कर्मकौशलकुचेलकठोरपादम्
संसेव्यसेवनवनद्रुमसामयोनिं,
मानं विमुञ्च सुकृताम्बुधिकुंभयोनिम् ।।३८।।

### अनुष्टुप्वृत्तम्

विपदां सद्म गर्वोय-मपूर्वः पर्वतः स्मृतः ।
प्राप्नुवन्त्यूर्ध्वमूर्धानो, यमारुढा अधोगतिम् ।।३९।।

હે આત્મન્ ! જાતિ, ઐશ્વર્ય, બળ, શ્રુત, કુળ, તપ, રૂપ અને લાભ ના નામથી પ્રસિદ્ધ સકલ ગુણોરૂપી પર્વતને ભેદવા માટે વજ્રસમાન એવા ગર્વને તું બિલકુલ આચર નહી. કારણ કે જ્યાં જ્યાં આનો સંગ થાય છે તે તે વિનાશને પામે છે અને પરભવમાં પણ પ્રાણીઓ ઈચ્છિત વસ્તુઓની પ્રાપ્તિથી રહિત થાય છે ।।૩૭।।

સુંદર ઔચિત્યાચરણરૂપી (સૂર્યવિકાસી) કમળ માટે ચન્દ્ર સમાન, સત્કાર્ય કુશળતારૂપી (ચન્દ્રવિકાસી) કમળ માટે સૂર્ય સમાન, સેવ્યની સેવારૂપી વન માટે હાથી સમાન તેમજ સુકૃતરૂપી સાગર માટે અગસ્તિઋષિ સમાન માનને હે પ્રાણી ! તું છોડી દે ।।૩૮।।

વિપત્તિઓના સ્થાન સમાન આ ગર્વને કોઈ વિલક્ષણ પ્રકારનો જ પર્વત કહ્યો છે કારણ કે ઉર્ધ્વમુખવાળા લોકો જેમ જેમ આની ઉંચી ટોચપર આરુઢ થાય છે તેમ તેમ અધોગતિને પ્રાપ્ત કરે છે ।।૩૯।।

### शार्दूलविक्रीडितवृत्तम्

दष्टो येन जनो जहाति विनयप्राणान् प्रसिद्धिप्रदान्,
यद्दष्टेन विवेकनीतिनयने संमील्य संस्थीयते ।
यद्दष्टस्य च कीलकीलितमिव स्तब्धं वपुर्जायते,
दर्पं सर्पमिवातिजिह्मगहनं कस्तं स्पृशेत्कोविदः ।।४०।।

## માયાત્યાગ પ્રક્રમ

### वसंततिलकावृत्तम्

दम्भं बका इव विधाय दुराशया ये,
मीनानिवाखिलजनान् प्रतिवञ्चयन्ति ।
तैः सौहृदादमलकीर्तिलतापयोदा-
दात्मा प्रपञ्चचतुरोऽचतुरैरवञ्चि ।।४१।।

मायामिमां कुटिलशीलविहारविज्ञां,
मन्यामहे हृदि भुजंगवधूं नवीनाम् ।
दष्टोऽनया स्मितसरोजसहोदरास्यो,
मोहं नयेद्यदितरान्मधुरं ब्रुवाणः ।।४२।।

જેનાથી ડસાયેલો માણસ સફળતાને આપનારા વિનયરૂપી પ્રાણોને છોડી દે છે.જેના ડંખથી વિવેક અને ન્યાયરૂપી આંખો મીંચાઈ જાય છે અને જેના ડંખના પ્રભાવે શરીર ખીલાથી જડાયેલા જેવું નિષ્ક્રિય થાય છે એવા સર્પ જેવા અત્યંત કપટથી ભરેલા દર્પ (માન) ને કયો બુદ્ધિમાન્ સ્પર્શ કરે? (ન જ કરે) ।।૪૦।।

બગળાઓ જેમ દંભ કરીને માછલાઓને ઠગે તેમ જે દુષ્ટ આશયવાળા લોકો સર્વ લોકોને ઠગે છે. પ્રપંચમા ચતુર એવા તે મૂર્ખજનો નિર્મળ કીર્તિરૂપી લતા માટે વાદળા સમાન મૈત્રીથી પોતાના આત્માને જ ઠગે છે. ।।૪૧।।

અમે આ માયાને કુટિલ એવા આચાર-વિચારની જાણકાર અને હૃદયમાં રહેલી કોઈ નવી નાગણ જેવી માનીયે છીયે કેમકે આનાથી ડસાયેલો માણસ ખીલેલા કમળ જેવા મુખવાળો થાય છે અને મધુર બોલતો તે બીજાઓને મોહ પમાડે છે. ।।૪૨।।

## शार्दूलविक्रीडितवृत्तम्

विश्रम्भं भुजगीव जीविततनुं व्याहन्ति या देहिनां,
या सौहार्दमपाकरोति शुचितां स्पर्शोऽशुचीनामिव ।
या कौटिल्यकलां कलामिव विधोः पुष्णाति पक्षः सित-
स्तां निर्मोकमिवोरगः क्षतगतिं मायां न को मुञ्चति ।।४३।।

ये कौटिल्यकलाकलापकुशलास्ते सन्त्यनेके क्षितौ,
ये हार्यार्जववर्यवीर्यसदनं ते केचिदेव ध्रुवम् ।
लभ्यन्ते हि पदे पदे फलभरैर्नम्रा दरिद्रद्रुमाः,
संप्रीणन् भुवनानि पेशलफलैरल्पो हि कल्पद्रुमः ।।४४।।

## अनुष्टुप्वृत्तम्

उमाया इव मायायाः, संपर्कं मुञ्च मुञ्च रे ।
ईश्वरोऽपि नरो नूनं, यत्संगाद् भीमतां भजेत् ।।४५।।

નાગણ જેમ જીવંત દેહને હણે તેમ જે પ્રાણીઓના વિશ્વાસને હણે છે, (વિશ્વાસઘાત કરે છે) ગંદકીનો સ્પર્શ જેમ પવિત્રતાને દૂર કરે છે તેમ જેનો સ્પર્શ મૈત્રીને દૂર કરે છે અને શુક્લ પક્ષ જેમ ચંદ્રની કળાને ખીલવે તેમ જે કુટિલતાની કલાને ખીલવે છે એવી પ્રગતિની ક્ષતિ કરનારી માયાને સાપ જેમ કાચળીને મૂકે તેમ કોણ ન મૂકે? ||૪૩||

જેમ તુચ્છ ફળના ભારથી નમેલા વૃક્ષો પગલે પગલે મળે છે પરંતુ સુંદર ફળોવડે ત્રણે ભુવનને ખુશ કરનારા કલ્પવૃક્ષો અલ્પ હોય છે તેમ કપટ કળાઓમાં કુશળ લોકો આ જગતમાં ઘણા છે પરંતુ સરળતારૂપી સુંદર અને શ્રેષ્ઠ તેજના સ્થાન ભૂત લોકો ખરેખર વિરલા જ હોય છે ||૪૪||

હે પ્રાણી ! પાર્વતી જેવી માયાના સંપર્કને તું મૂક કારણ કે જેના સંગથી મહાદેવ પણ ભયંકરતાને ધારણ કરે છે. હે પ્રાણી ! રાત્રી જેવી માયાના સંપર્કને તું મૂક કારણ કે જેના સંગથી શ્રીમંત એવો પણ પુરુષ ભયવાળો થાય છે. ||૪૫||

## લોભત્યાગ પ્રક્રમ

### शार्दूलविक्रीडितवृत्तम्

नाशं यो यशसां करोति रजसां व्रातोऽनिलानामिव,
त्रासं यो महसां तनोति वयसां पातः शराणामिव ।
शोभां यो वचसां हिनस्ति पयसां वृष्टिर्घनानामिव,
त्यक्त्वा कृत्यकरीन्द्रकुम्भशरभं लोभं शुभंयुर्भव ।।४६।।

किं ध्यानैर्मुखपद्ममुद्रणचणैः किं चेन्द्रियाणांजयै-
रुद्रेच्छैस्तपसां पुनः प्रतपनैः किं मेदसां शोषणैः ।
किं वाचां जनितश्रमैः परिचयैः किं क्लेशयुक्तैर्व्रतै-
श्चेल्लोभोऽखिलदोषपोषणपटुर्जागर्ति चित्तेर्तिभूः ।।४७।।

स स्थैर्यैकनिकेतनं स सुभटश्रेणिषु चूडामणिः,
स प्रागल्भ्यपरानुभावसुभगः स ध्यानधुर्धुर्वहः ।
स श्रेष्ठः स च पुण्यवान् स च शुचिः स श्लाघनीयः सतां,
येनागण्यगुणालिवल्लिकलभो लोभो भृशं स्तम्भितः ।।४८।।

પવનનો સમૂહ જેમ ધૂળને દૂર કરે તેમ જે યશને દૂર કરે છે. બાણોનો પ્રહાર જેમ પંખીઓમાં ભય ઉત્પન્ન કરે તેમ જે મોટાઓમાં ત્રાસ ઉત્પન્ન કરે છે અને મેઘની વૃષ્ટિ જેમ પાણીની શોભાને હીન કરે (ડહોળું કરે) તેમ જે વાણીની શોભાને હીન કરે છે એવા કર્તવ્યરૂપી ગજરાજના કુંભસ્થળને ભેદવા માટે અષ્ટાપદ પ્રાણી જેવા લોભને ત્યજીને તું સુખી થા. ।।૪૬।।

જો તારા ચિત્તમાં સકલ દોષોનું પોષણ કરવામાં કુશલ અને પીડાના સ્થાનક સ્વરૂપ લોભ જાગે છે તો મુખ કમળને મુદ્રિત કરવામાં સમર્થ એવું ધ્યાન કરવાથી, ઈન્દ્રિયોનો જય કરવાથી, ઈચ્છાનો રોધ કરવાથી, વળી ચરબીને શોષનારા તપો કરવાથી, વાણીથી જન્મતો શ્રમ કરવાથી (ગળુ ખેંચી ઉપદેશ આપવાથી) અને ક્લેશથી યુક્ત વ્રતોનો અભ્યાસ કરવાથી શું થવાનું છે? (કોઈ લાભ નહી થાય) ।।૪૭।।

જેના વડે અગણિત ગુણોની શ્રેણીરૂપી વેલડીને ઉખેડવામાં યુવાન હાથી સમાન લોભને મજબુત રીતે સ્તંભિત કરાયો છે તે સ્થિરતાનું શ્રેષ્ઠ સ્થાન છે. તે વીર યોદ્ધાઓની શ્રેણિમાં મુખ્ય છે. પ્રતિભા, મોટાઈ, સૌભાગ્યમાં તે શ્રેષ્ઠ છે. ધ્યાનની ધુરાને વહન કરનાર પણ તે છે અને તે જ સૌથી ઉત્તમ, પુણ્યશાળી, તેજસ્વી તથા સજ્જન પુરુષોને પ્રશંસનીય છે. ।।૪૮।।

**वसंततिलकावृत्तम्**

मैत्रीं विमुञ्चतिसुहृद्विनयं विनेयः,
सेवां च सेवकजनः प्रणयं च पुत्रः ।
नीतिं नृपो व्रतमृषिश्च तपस्तपस्वी,
लोभाभिभूतहृदयः कुलजोऽपि लज्जाम् ।।४९।।

**स्रग्धरावृत्तम्**

लोभाम्भोजालिशीतद्युतिरहिमरुचिः पुण्यपाथोजपुञ्जे,
शुद्धध्यानैकसौधः प्रगुणगुणमणिश्रेणिमाणिक्यखानिः ।
श्रेयोवल्ल्यालवालः कलिमलकमलारामसंहारहस्ती,
तृष्णाकृष्णाहिमंत्रो विशतु हृदिसतामेष संतोषपोषः ।।५०।।

## પિતૃપૂજા પ્રક્રમ

**शार्दूलविक्रीडितवृत्तम्**

तेनावादि यशः प्रसिद्धिपटहः प्राकारि यात्रोत्सव-
स्तीर्थानां च सताममोदि हृदयं प्राणोदि पापप्रथां ।
श्रेयःश्रेणिरवापि वंशसदने चारोपि धर्मध्वजो,
येनापूजि पदद्वयी हितवती पित्रोः पवित्रात्मनोः
।।५१।।

લોભથી પરાભૂત થયેલા હૃદયવાળો મિત્ર મિત્રતાને મૂકે છે, શિષ્ય વિનયને છોડે છે, સેવકજન સેવાને છોડે છે, પુત્ર પ્રેમને છોડે છે, રાજા ન્યાયને છોડે છે, ઋષિ વ્રતને છોડે છે, તપસ્વી તપને છોડે છે અને કુલિન પણ લજ્જાને છોડે છે. ।।૪૯।।

લોભરૂપી કમળની શ્રેણીને નષ્ટ કરવામાં ચન્દ્ર સમાન, પુણ્યરૂપી કમળની શ્રેણીને વિકસિત કરવામાં સૂર્ય સમાન, શુદ્ધ ધ્યાનના શ્રેષ્ઠ સ્થાનક સમાન, ઉત્તમ ગુણરત્નોની શ્રેણિને ઉત્પન્ન કરવામાં માણેકની ખાન સમાન, કલ્યાણરૂપી વેલડીને સિંચવામાં ક્યારા સમાન, કલિયુગના પાપોરૂપી કમળવનનો નાશ કરવામાં હાથી સમાન અને તૃષ્ણારૂપી જે કાળો નાગ તેનું ઝેર ઉતારવામાં ગારુડી મંત્ર સમાન આ સંતોષ ગુણનો પોષ સજ્જન પુરુષોના હૃદયમાં પ્રવેશ કરો. ।।૫૦।।

જે માણસે હિતકારી માત-પિતાના પવિત્ર એવા બન્ને ચરણોને પૂજ્યા છે તેણે (આ જગમાં પોતાના) યશનો જાહેર પડહ વગાડ્યો છે. તીર્થોની યાત્રાનો ઉત્સવ વિશેષ રીતે કર્યો છે. સજ્જનોના હૃદયને આનંદ પમાડ્યો છે. પાપની પરંપરાને વિશેષ રીતે દૂર કરી છે. કલ્યાણની શ્રેણીને નિશ્ચે પ્રાપ્ત કરી છે તથા પોતાના કુળરૂપી ભવન ઉપર ધર્મની ધ્વજાનું આરોપણ કર્યું છે. ।।૫૧।।

लक्ष्मीस्तत्र पयोनिधाविव सरिच्छ्रेणिः समेति स्वयं,
भोगास्तत्र वसन्ति शाखिशिखरावासे विहंगा इव ।
पूजास्फातिमुपैति तत्र सलिले वीथीव पाथोरुहां,
भक्तिर्यत्र पवित्रपुण्यपरयोः पित्रोरनुष्ठीयते ।।५२।।

न स्नानैरपि तीर्थपूतपयसां शुद्धैश्च सिद्धात्मनो,
नो जापैरपि नापि चारुचरितैर्नापि श्रुतानां श्रमैः ।
न त्यागैरपि संपदां भवति सा नापि व्रतानां व्रजै,-
र्या पित्रोः पदपूजनैः सुभगयोः शुद्धिर्भृशं जृम्भते ।।५३।।

विद्धः स्वर्गतरंगिणी प्रकटिता तज्जांगले मंडले,
दुःस्थस्य प्रविवेश वेश्मनि मनःकामप्रदा स्वर्गवी ।
प्रादुर्भावमुपेयिवान्मरुभुवि क्षोणीरुहः स्वर्गिणां,
यत्पित्रोः प्रविधीयते प्रतिदिनं भक्तिः शुभास्मिन् युगे ।।५४।।

જ્યાં શુદ્ધ પુણ્યમાં તત્પર એવા માત-પિતાની ભક્તિ કરાય છે ત્યાં નદીઓની શ્રેણિ જેમ સાગર પાસે આવે તેમ લક્ષ્મી સ્વયં આવે છે. વૃક્ષની ટોચ પર રહેલા આવાસમાં જેમ પંખીઓ વસે તેમ ત્યાં ભોગો વસે છે તથા પાણીમાં જેમ કમળોની શ્રેણિ વિસ્તારને પામે તેમ ત્યાં આરાધના વિસ્તારને પામે છે. ।।૫૨।।

સોભાગી એવા માત-પિતાના ચરણની પૂજા કરવાથી જે વિશુદ્ધિ પ્રગટે છે એવી વિશુદ્ધિ તીર્થના પાવન જલથી સ્નાન કરવાથી, સિદ્ધાત્માના શુદ્ધ જાપથી, સુંદર આચરણથી, સિદ્ધાંત શ્રવણનો શ્રમ કરવાથી, સંપત્તિનો ત્યાગ કરવાથી કે પછી ઘણા વ્રતો કરવાથી પણ પ્રગટતી નથી. ।।૫૩।।

આ કલિયુગમાં માત-પિતાની પ્રતિદિન જે સુંદર ભક્તિ કરવામાં આવે છે તેને અમે રણ પ્રદેશમાં દેવગંગા પ્રગટી હોય, ગરીબના ઘરમાં મનોવાંછિતને આપનારી કામધેનૂ પ્રવેશી હોય અને મરુભૂમિમાં કલ્પવૃક્ષ પ્રગટ થયું હોય એવું માનીએ છીએ. ।।૫૪।।

### स्वागतावृत्तम्

यत्प्रसादवशतः करिलीलां, पूतरप्रतिमितोऽप्युपयाति ।
पादयोः प्रविदधीत न पित्रोः, किं तयोः स तनयः समुपास्तिम्
॥५५॥

## गुरुसेवा प्रक्रम

### वसंततिलकावृत्तम्

किं पाथसां मथनवत् कुरुषे सुखेच्छु,- बंधो!
मुधैव विविधं निकरं क्रियाणाम् ।
वस्तुप्रकाशनपटुः प्रकटप्रभावो,
दीप्रप्रदीप इव चेद् गुरुरादृतो न ॥५६॥

### शार्दुलविक्रीडितवृत्तम्

न ध्वंसं विदधाति यस्तनुमतां ब्रूते न भाषां मृषां,
न स्तेयं वितनोति न प्रकुरुते भोगांश्च वक्रभ्रुवाम् ।
न स्वर्णादिपरिग्रहग्रहिलतां धत्ते च चित्ते क्वचित्,
संसेव्यो गुरुरेष दोषविमुखः संसारपारेच्छुभिः ॥५७॥

જેમની કૃપાથી (જન્મ સમયે) પોરા જેવો પણ જે હાથી જેવા દેખાવને પ્રાપ્ત કરે છે તે માત-પિતાના ચરણોની સેવા તે પુત્ર શું ન કરે? (અવશ્ય કરે જ) ।।૫૫।।

હે સુખાભિલાષી બંધુ ! જો તે દીપ્તિમંત દીવાની જેમ તત્ત્વ (વસ્તુ) ને પ્રકાશિત કરવામાં સમર્થ અને પ્રગટ પ્રભાવવાળા ગુરુનો આદર ન કર્યો તો પાણીમાં કરેલા વલોણાની જેમ વ્યર્થ ભાતભાતની ક્રિયાઓના સમૂહને કરવાથી શું? (અર્થાત્ કોઈ લાભ નહી થાય) ।।૫૬।।

જે જીવોની હિંસા કરતા નથી, અસત્ય ભાષા બોલતા નથી, ચોરી કરતા નથી, સ્ત્રીઓના ભોગોને કરતા નથી તથા જે ચિત્તમાં પણ કયારેય સુવર્ણાદિ પરિગ્રહને લેવાની ઈચ્છા ધરતા નથી એવા નિર્દોષ ગુરુને સંસારને તરવાની ઈચ્છાવાળા મનુષ્યોએ સારી રીતે સેવવા યોગ્ય છે. ।।૫૭।।

ये व्यापारपरायणाः प्रणयिनीप्रेमप्रवीणाश्च ये,
ये धान्यादिपरिग्रहाग्रहगृहं सर्वाभिलाषाश्च ये ।
ये मिथ्यावचनप्रपञ्चचतुरा येऽहर्निशं भोजिन-
स्ते सेव्या न भवोदधौ कुगुरवः सच्छिद्रपोता इव ।।५८।।

ये विश्वासपदं च ये प्रतिभुवो निर्वाणशर्मार्पणे,
ये चाधोगतिदुर्गमार्गगमनद्वारप्रवेशार्गलाः ।
धर्माधर्महिताहितप्रकटनप्राप्तप्रमोदाश्च ये,
ते सेव्या भववारिधौ सुगुरवो निश्छिद्रपोता इव ।।५९।।

**वसंततिलकावृत्तम्,**

चेद्दानशीलतपसां फलमाप्तुमीहा,
स्वर्गापवर्गपुरयोः पथि चेद्यियासा ।
वाञ्छा च चेत्सुकृतदुःकृतयोर्विवेके,
सेव्यः समाधिनिधिरेष गुरुस्तदार्यैः ।।६०।।

જેઓ વેપાર કરવામાં તત્પર છે. સ્ત્રી પ્રત્યેના પ્રેમમાં કુશળ છે. ધાન્યાદિ પરિગ્રહની મમતાના સ્થાનભૂત છે. બધી જ વસ્તુઓની ઈચ્છા રાખનારા છે. અસત્ય વચનનો પ્રપંચ કરવામાં ચતુર છે અને જેઓ રાત-દિવસ ખાનારા છે એવા ભવસાગરમાં કાણાવાળી નાવ સમાન ડુબાડનારા કુગુરુઓ સેવવા યોગ્ય નથી. (અર્થાત્ ન સેવવા). ।।૫૮।।

જેઓ વિશ્વાસનું સ્થાન છે. જેઓ મોક્ષસુખને આપવામાં સાક્ષીભૂત છે. જેઓ દુર્ગતિના દુર્ગમ માર્ગે જવાના પ્રવેશદ્વારે સાંકળ જેવા છે. જેઓ ધર્માધર્મ અને હિતાહિતને પ્રગટ કરવામાં આનંદને પામનારા છે એવા ભવસાગરમાં કાણા વિનાની નાવ તુલ્ય તારક સદ્ગુરુઓ જ સેવવા યોગ્ય છે. ।।૫૯।।

જો દાન, શીલ અને તપધર્મના ફળને પામવાની ઈચ્છા છે. સ્વર્ગપુરી અને મોક્ષપુરીના માર્ગે જવાની ઈચ્છા છે. સુકૃત અને દુષ્કૃતના વિવેકને કેળવવાની વાંછા છે. તો શિષ્ટપુરુષોએ સમાધિના ભંડાર સમા આવા ગુરુ સેવવા યોગ્ય છે. ।।૬૦।।

# દેવપૂજા પ્રક્રમ

## शार्दूलविक्रीडितवृत्तम्

ज्योतिर्जालमिवाब्जिनीप्रियतमं प्रीतिर्न तं मुञ्चति,
श्रेयःश्रीर्भवतीह तत्सहचरी ज्योत्स्ना सुधांशोरिव,
सौभाग्यं तमुपैति नाथमवनेः सेनेव तं काङ्क्षति,
स्वर्ब्रह्माब्धिसुता वशेव तरुणं योऽर्चां विधत्तेऽर्हताम् ।।६१।।

स श्लाघ्यः कृतिनां ततिः सुकृतिनां तं स्तौति तेनात्मनो,
वंशोऽशोभि नमन्ति योजितकरास्तस्मै व्रजा भूभुजाम् ।
तस्मान्नप्रथितः परोऽस्ति भुवने जागर्ति चित्तार्तिहृत्,
कीर्तिस्तस्य वसन्ति भोगनिवहास्तस्मिञ्जिनं योऽर्चति ।।६२।।

तस्माद्दूरमुपैति दुःखमखिलं सिंहादिवेभव्रजो,
विघ्नौघश्च बिभेति सर्पनिकरः कंसारियानादिव ।
बिंबात्पंकजिनीपतेरिव निशा नश्यत्यनर्हा गतिः,
पूज्यन्ते जिनमूर्तयः प्रतिदिनं यद्धाम्नि सस्फुर्तयः ।।६३।।

જે ભવ્યાત્મા અરિહંત પ્રભુની દ્રવ્ય-ભાવ પૂજા કરે છે, જેમ સૂર્યને તેજનો સમૂહ ન છોડે તેમ ખુશી તેને છોડતી નથી, ચંદ્રની ચાંદનીની જેમ મોક્ષલક્ષ્મી તેની સહચરી થાય છે. સેના જેમ રાજાની પાસે જાય તેમ સૌભાગ્ય તેની પાસે જાય છે. કુંવારી કન્યા જેમ યુવાન પુરુષને ઝંખે તેમ સ્વર્ગની અને આત્મિક લક્ષ્મી તેને ઝંખે છે. ।।૬૧।।

જે પુણ્યાત્મા જિનેશ્વરપ્રભુને પૂજે છે તે સદ્ગુણી લોકોમાં પ્રશંસાપાત્ર બને છે. વિદ્વાનોની શ્રેણિ તેની સ્તવના કરે છે. તેનાથી પોતાનું કુળ શોભી ઉઠે છે. રાજાઓના સમૂહો તેને હાથ જોડીને નમન કરે છે. આ જગતમાં તેના જેવું પ્રસિદ્ધ બીજું કોઈ જ નથી. ચિત્તની પીડાને હરનારી તેની કીર્તિ જાગૃત થાય છે અને ભોગોના સમૂહો તેની પાસે આવીને વસે છે. ।।૬૨।।

જે ઘરમાં રોજ પ્રાણવંતી પ્રભુ-પ્રતિમા પૂજાય છે તે ઘરમાં સિંહના આગમનથી જેમ હાથીઓનું ટોળું દૂર ભાગે તેમ બધા દુઃખો દૂર ભાગે છે. સર્પોનો સમૂહ જેમ ગરુડથી ભય પામે તેમ વિઘ્નોનો સમૂહ તેનાથી ભય પામે છે. સૂર્યમંડલથી જેમ રાત્રી નાશ પામે તેમ તેની ખરાબ અવસ્થા નાશ પામે છે. ।।૬૩।।

### शिखरिणीवृत्तम्

पवेर्धाराकारा व्यसनशिखरिण्युत्सववने,
वसंतः संकेतस्त्रिदिवशिवसंपत्तियुवतेः ।
भवाम्भोधौ पोतः सुकृतकमलानां च सरसी,
जिनेन्द्राणामर्चा प्रथितमहिमानां च सदनम् ।।६४।।

### स्रग्धरावृत्तम्

न भ्रूः साटोपकोपा न च करयुगलं चापचक्रादिचिह्नं,
कान्ताकान्तश्च नाङ्को न च मुखकमलं सप्रकोपप्रसादम् ।
यानासीना न मूर्तिर्न च नयनयुगं कामकामाभिरामं,
हास्योत्फुल्लौ न गल्लौ सभयभवभिदो यस्य देवः स सेव्यः ।।६५।।

## विनय प्रक्रम

केनाऽकारि प्रशस्या शशिनि धवलिमा बर्हिणां च प्रबर्हे,
बर्हे चित्रं विचित्रं जलरुहपटले सारसौरभ्यसंपत् ।
दुग्धे स्नैग्ध्यं सितायामसममधुरिमा पद्मपाणौ प्रतापो,
नैर्मल्यं सानुकूल्यं पयसि च विनयः पुंसि सद्वंशजाते
।।६६।।

જિનેન્દ્ર પ્રભુની પૂજા સંકટના પર્વતને ભેદવા માટે વજ્રની ધારા જેવી છે. આનંદના વનને વિકસાવવા માટે વસંતઋતુ જેવી છે. સ્વર્ગ અને મોક્ષની સંપત્તિરૂપી યુવતિને મળવા માટે કરેલા સંકેત જેવી છે. સંસાર સાગરમાં નાવડી જેવી છે. સુકૃતરૂપી કમળોને ઉત્પન્ન કરવા માટે તળાવડી જેવી છે તથા પ્રગટ મહિમાના ધામ જેવી છે. ॥૬૪॥

જેમની ભ્રૂકુટી કોપથી પહોળી થયેલી નથી, જેમના બન્ને હાથ ચક્ર-બાણ આદિ ચિહ્નોથી યુક્ત નથી, જેમનો ખોળો સ્ત્રીથી શોભિત થયેલો નથી, જેમનું મુખકમળ રોષ કે તોષવાળું નથી, જેમની મૂર્તિ વાહન ઉપર બેઠેલી નથી, જેમના નયનયુગલ કામની ઈચ્છાથી અભિરામ નથી (નિર્વિકારી છે) તથા જેમના બન્ને ગાલ હાસ્યથી ફુલેલા (ખીલેલા) નથી એવા ભવ-ભયને ભેદનારા (વીતરાગ) દેવ જ સેવવા યોગ્ય છે. ॥૬૫॥

ચન્દ્રમામાં પ્રશંસનીય શુભ્રતા કોણે કરી છે? મોરના મનોહર પિચ્છામાં અદ્‌ભુત વિવિધ રંગો કોણે ભર્યા છે? કમળના સમૂહમાં શ્રેષ્ઠ સુવાસની સમૃદ્ધિ કોણે કરી છે? દૂધમાં સ્નિગ્ધતા તથા સાકરમાં અદ્વિતીય મીઠાશ કોણે ભરી છે? સૂર્યમાં પ્રતાપ અને જલમાં અનુકુળ નિર્મળતા કોણે કરી છે? તેમજ ઉત્તમ કુળમાં જન્મેલા પુરુષમાં વિનય કોણે ભર્યો છે? (બધુ સ્વાભાવિક જ છે) ॥૬૬॥

**शार्दूलविक्रीडितवृत्तम्**

धिष्ण्यानां गगनो पयोनिधिरपामम्भोजबन्धुस्त्विषां,
देवानां त्रिदिवं नृणां वसुमती विंध्याचलः कुंभिनाम् ।
आरामः पृथिवीरूहां कुमुदिनीप्रेयान् कलानां यथा,
कासारः सरसीरुहां च विनयः स्थानं गुणानां तथा
॥६७॥

न स्वर्णाभरणैर्विभूषितवपुः सृग्भिर्न च भ्राजितो,
नो मुक्ताफलहारहारिहृदयो नो दिव्यवासोवृतः ।
नो रुपोपचितो न सिंधुरवरस्कंधाधिरुढश्च तत्,
सौभाग्यं समुपैति यद्विनयिताभूषाभिरामः पुमान् ॥६८॥

**वसंततिलकावृत्तम्**

अन्यैर्गुणैरलमलंकरणैर्नराणां,
यद्यस्ति चेद्विनयमंडनमेकमंगे ।
आयान्ति नायकमिव ध्वजिनीजना यत्,
सर्वे गुणाः स्वयमिदं हृदये वहन्तम् ॥६९॥

આકાશ જેમ નક્ષત્રોનું સ્થાનક છે. સાગર જેમ જલનું સ્થાનક છે. સૂર્ય જેમ તેજનું સ્થાનક છે. સ્વર્ગ જેમ દેવોનું સ્થાનક છે. પૃથ્વી જેમ મનુષ્યોનું સ્થાનક છે.વિંધ્યાચલ પર્વત જેમ હાથીઓનું સ્થાનક છે. બગીચો જેમ વૃક્ષોનું સ્થાનક છે. ચંદ્ર જેમ કળાઓનું સ્થાનક છે અને તળાવ જેમ કમળોનું સ્થાનક છે તેમ વિનય એ ગુણોનું સ્થાનક છે. ।।૬૭।।

વિનમ્રતારૂપ આભૂષણથી શોભતો પુરુષ જે સૌભાગ્યને (ભવ્યતાને) પામે છે એવી ભવ્યતાને સોનાના અલંકારોથી વિભૂષિત શરીરવાળો, પુષ્પમાળાઓથી શોભતો, મોતીના હારથી મનોહર હૃદયવાળો, દૈવીવસ્ત્રોથી પરિવરેલો, સુંદર આકૃતિવાળો અને ગજરાજના સ્કંધ ઉપર આરુઢ થયેલો પુરુષ પણ પામી શકતો નથી. ।।૬૮।।

જો વિનયરૂપ એક આભૂષણ અંગ ઉપર ધારણ કર્યું છે તો બીજા ગુણોરૂપી આભૂષણને ધારણ કરવાથી સર્યું કારણ કે આ વિનયને હૃદયમાં વહન કરવાથી સૈનિકો જેમ સેનાપતિ પાસે આવે તેમ બધા ગુણો સ્વયં જ તે મનુષ્યની પાસે આવે છે. ।।૬૯।।

अनुष्टुप्वृत्तम्

प्रेमपात्रं प्रजायन्ते, विनीताः पशवोऽपि हि ।
तस्माद्विनय एवायं, स्वीकार्यः कार्यकोविदैः ॥७०॥

## न्याय प्रक्रम

शार्दूलविक्रीडितवृत्तम्

प्राणा यान्तु सुरेन्द्रचापरुचयः संपत्तयश्चाचिरा,
संचाराः पितृपुत्रमित्ररमणीमुख्याः समा बुद्बुदैः ।
तारुण्यादिवपुर्गुणा गिरिनदीवेगैकपारिप्लवाः,
कीर्तेः केलिगृहं तु नीतिवनितासंगश्चिरं तिष्ठतु ॥७१॥

अनुष्टुप्वृत्तम्

यथोपायैर्विना निम्ना-वनीमेति नदीवहः ।
स्वयं नयवतोऽभ्यर्णं, तथाभ्येति श्रियां भरः ॥७२॥

વિનીત એવા પશુઓ પણ પ્રેમનું ભાજન થાય છે તેથી કાર્યકુશળ માણસોએ આ વિનયનો જ સ્વીકાર કરવા જેવો છે. ।।૭૦।।

ઈન્દ્રધનુષ્ય જેવા અલ્પજીવી પ્રાણો અને સંપત્તિઓ ભલે ચાલી જાય, પરપોટા જેવા ક્ષણિક અને ચંચળ એવા પિતા-પુત્ર-મિત્ર-પત્ની પ્રમુખ સ્વજનો પણ ભલે ચાલ્યા જાય અને પર્વતમાંથી નીકળતી નદીના વેગ જેવા અસ્થિર શરીરના તારુણ્યાદિ ગુણો પણ ભલે ચાલ્યા જાય પરંતુ કીર્તિના ક્રીડાંગણ જેવો નીતિરૂપી પ્રિયાનો સંગ ચિરકાળ સુધી રહો. ।।૭૧।।

નદીનો પ્રવાહ જેમ ઉપાય વિના જ નીચી જમીન (ઢાળ) તરફ જાય છે તેમ લક્ષ્મીનો સમૂહ પોતાની મેળે જ ન્યાયવંત પાસે જાય છે. ।।૭૨।।

## शार्दूलविक्रीडितवृत्तम्

संबंधी प्रणयैः सरः कुवलयैः सेना च रंगद्धयैः,
स्त्रीबाहुर्वलयैः पुरी च निलयैर्नृत्यं च तातालयैः।
गंधर्वश्च रवैः सभा सहृदयैरात्तव्रतो वाङ्मयैः,
शिष्यौघो विनयैः कुलं च तनयैराभाति भूपो नयैः ।।७३।।

नीतिः कीर्तिवधूविलाससदनं नीतिः प्रसिद्धेर्धुरा,
नीतिः पुण्यधराधिपप्रियतमा नीतिः श्रियां संगमः ।
नीतिः सद्गतिमार्गदीपकलिका नीतिः सखी श्रेयसां,
नीतिः प्रीतिपरंपराप्रसविनी नीतिः प्रतीतेः पदम् ।।७४।।

पूज्योपास्तिरनादरोऽधमनरे नो वञ्चना धर्मिणाम् ,
सत्या वाक् पुरतः प्रभोरनुचितत्यागोऽनुरागो निजैः ।
संगः साधुषु नित्यकृत्यकरणं स्नेहः सहौजस्विभि-
र्दीनानाथजनेषु चोपकरणं न्याय्योऽयमध्वा सताम् ।।७५।।

સ્વજન જેમ પ્રેમથી, સરોવર જેમ કમળોથી, અને સેના જેમ ઉછળતા ઘોડાઓથી શોભે છે. વળી સ્ત્રીના હાથ જેમ કંકણોથી, નગરી જેમ મહેલોથી અને નૃત્ય જેમ (તાતા-થૈથૈ) ઈત્યાદિક લયોથી શોભે છે તથા ઘોડો જેમ ઝડપથી, સભા જેમ પંડિતોથી, મુનિ જેમ શાસ્ત્રોથી, શિષ્યસમૂહ જેમ વિનયથી અને કુળ જેમ પુત્રોથી શોભે છે. તેમ રાજા ન્યાયથી શોભે છે. ॥૭૩॥

નીતિ એ કીર્તિરૂપી સ્ત્રીના ક્રીડાનું સ્થાનક છે અને પ્રસિદ્ધિની ધુરાને વહન કરનારી છે. નીતિ એ પુણ્યરૂપી રાજાની અતિપ્રિય રાણી છે અને લક્ષ્મીનો મેળાપ કરાવનારી છે. નીતિ એ સદ્‌ગતિના માર્ગમાં રહેલા દીપકની જ્યોતિ છે અને કલ્યાણની બહેનપણી છે તેમજ નીતિ એ પ્રીતિની પરંપરાને ઉત્પન્ન કરનારી અને વિશ્વાસનું સ્થાનક છે. ॥૭૪॥

પૂજ્યની પૂજા, દુષ્ટ માણસનો તિરસ્કાર, ધર્મિઓ સાથે સરળ વ્યવહાર, સ્વામી આગળ વાસ્તવિક વાણી, અયોગ્ય વર્તનનો ત્યાગ, પોતાના સગાઓ સાથે પ્રીતિ, સજ્જનોનો સંગ, ધર્મકૃત્યનું કરવાપણું, પરાક્રમીઓ સાથે સ્નેહ અને દીન-અનાથ જીવો પર ઉપકાર કરવો આ સજ્જનોનો માર્ગ જાણવો. ॥૭૫॥

# पैशुन्य प्रक्रम

चेत्पापापचयं चिकीर्षसि रिपोर्मूर्ध्नि क्रमौ धित्ससि,
क्लेशध्वंसमभीप्ससि प्रवसनं सर्वागसां दित्ससे ।
दुष्कीर्तिं प्रजिहीर्षसि प्रतिपदं प्रेत्यश्रियं लिप्ससे,
सर्वत्र प्रविधेहि तत्प्रियसखे! पैशुन्यशून्यं मनः ।।७६।।

नाग्नौनीररुहं न सर्पलपने पीयूषपुरः प्रभा-
भर्तुर्नाभ्युदयश्च पश्चिमगिरौ वल्ली न च व्योमनि ।
न स्थैर्यं पवने मरौ न मरुतामुर्वीरूहः स्याद्यथा,
दौर्जन्ये यशसां तथा नहि भरः सोमत्विषां सोदरः ।।७७।।

तत्संपत्तिमनुद्यमं प्रकटयन् कीर्तिं च कुर्वन् कलिं,
प्राणान् प्राणभृतां हरंश्च सुकृतं नृत्यं वितन्वंस्त्रपाम् ।
आरोग्यं च गिलन्नपथ्यमशनं विद्यां च निद्रां दधत्,
काङ्क्षत्येष यदीहते सुभगतां पैशुन्यमासूत्रयन् ।।७८।।

હે પ્રિયમિત્ર ! તું જો પાપોનો નાશ કરવાને ઈચ્છતો હોય, શત્રુના માથે પગ મૂકવાને ઈચ્છતો હોય, કલેશનો ધ્વંસ કરવાની અભિલાષાવાળો હોય, બધા પાપો ને વિદાય આપવાની ઈચ્છાવાળો હોય, અપકીર્તિને દૂર કરવાને ઈચ્છતો હોય, તથા પરભવમાં પગલે પગલે લક્ષ્મીને મેળવવાની ઈચ્છા રાખતો હોય તો સર્વકાળે અને સર્વસ્થળે તું મનને પૈશુન્ય (ચાડિયાપણું) રહિત બનાવ. ।।૭૬।।

જેમ અગ્નિમાં કમળ અને સર્પની જીભમાં અમૃતનો સમૂહ ન હોય, અસ્તાચલ પર્વત ઉપર સૂર્યનો ઉદય અને આકાશમાં વેલડી ન હોય વળી પવનમાં સ્થિરતા અને મરુ ભૂમિમાં કલ્પવૃક્ષ ન હોય તેમ દુર્જનતામાં ચન્દ્રની કાન્તિ જેવો ઉજ્વલ યશનો સમૂહ ન હોય. ।।૭૭।।

ચુગલીને કરતો જે માણસ સૌભાગ્ય (પ્રિયતા) ને ઈચ્છે છે તે પુરુષાર્થ વિના સંપત્તિને ઈચ્છે છે, ઝગડા કરતો તે કીર્તિને જાહેર કરવા ઈચ્છે છે, જીવહિંસા કરતો તે ધર્મને ઈચ્છે છે, લજ્જાને ધરતો તે નૃત્ય કરવાને ઈચ્છે છે, અપથ્ય ભોજન કરતો તે આરોગ્યને ઈચ્છે છે તથા નિદ્રા કરતો તે વિદ્યાને ઈચ્છે છે. ।।૭૮।।

### वसंततिलकावृत्तम्

धर्मं धुनोति विधुनोति धियां समृद्धिं,
श्लाघां सिनोति च दुनोति दयाविलासम् ।
चिन्तां चिनोति च तनोति तनूप्रतापं,
क्रोधं धिनोति च नृणां पिशुनत्वमेतत् ।।७९।।

### शार्दूलविक्रीडितवृत्तम्

सौभाग्यादिव सुंदरी सुविनयाद्विद्येव वीथिः श्रिया-
मुद्योगादिव साहसादिव महामंत्रादिसिद्धिः पुनः ।
पीयूषादिव नीरुजत्वमचिरात् पूजा च पुण्यादिव,
स्फुर्जत्कीर्तिभरो नरं पिशुनतात्यागादुपागच्छति ।।८०।।

## सत्संग प्रक्रम

यत्पंकोऽपि नरेन्द्रभालफलके कस्तूरिकाभावभाक्,
काचोऽप्याभरणेषु भूपसुदृशां हीरोपमां याति यत् ।
यत्काकोऽपि रसालशालशिखरे ताम्राक्षतामश्नुते,
तत्संगान्महतां भवन्त्यपि गुणैर्हीना गुणानां गृहम् ।।८१।।

આ ચુગલીખોરપણું મનુષ્યોના ધર્મનો નાશ કરે છે. બુદ્ધિની સમૃદ્ધિને દૂર કરે છે. પ્રસિદ્ધિને અટકાવે છે. દયાના વિલાસને બાળી નાંખે છે તેમજ ચિંતાને, શારીરિક શ્રમને તથા ક્રોધને વધારે છે. ॥૭૯॥

જેમ સૌભાગ્યથી સુંદર સ્ત્રી, ઉત્તમ વિનયથી વિદ્યા અને પુરુષાર્થથી લક્ષ્મીની શ્રેણિ પાસે આવે છે. વળી જેમ સાહસથી મહામંત્રાદિની સિદ્ધિ, અમૃતથી આરોગ્ય અને પુણ્યથી આદર મળે છે તેમ ચુગલીપણાના ત્યાગથી મનુષ્યને ઉજ્વળ કીર્તિનો સમૂહ પ્રાપ્ત થાય છે. ॥૮૦॥

રાજાના ભાલ સ્થળે લાગેલો કાદવ પણ જેમ કસ્તૂરીપણાને પામે છે. રાજરાણીના અલંકારોમાં જડેલો કાચ પણ જેમ હીરાની ઉપમાને પામે છે અને આંબાના વૃક્ષની ટોચે રહેલો કાગડો પણ જેમ કોયલપણાને પામે છે તેમ મહાપુરુષોના સંગથી ગુણથી હીન લોકો પણ ગુણોના સ્થાનકરૂપ થાય છે. ॥૮૧॥

पापापापहिताहितप्रियतमाप्रेयोऽभिधेयेतर-
ध्येयाध्येयशुभाशुभप्रकटनच्छेके विवेके रतिः ।
यूनां चेतसि कांदिशीकहरिणीनेत्रेव चेद्वः प्रिया,
तत्सत्संगमभंगरंगरसिकाः सेवध्वमात्मप्रियाः ॥८२॥

कीर्तिं कंदलयत्यघं दलयति प्रह्लादमुल्लासय-
त्यायासं निरुणद्धि बुद्धिविभवं सूते निशेते रिपून् ।
श्रेयः संचिनुते च बंधुरधियं धत्ते पिधत्ते भयं,
किं किं कल्पलतेव नैव तनुते सद्यः सतां संगतिः ॥८३॥

**वसंततिलकावृत्तम्**

संगात्सतां प्रथितबुद्धिसमृद्धिसिद्धे-
रुच्चैः पदं समुपयान्त्यपमाननीयाः ।
यत्सूत्रतंतुमपि सौरभसारपुष्प-
संगाद्वहन्ति मुकुटेषु नराधिनाथाः ॥८४॥

યુવાનોના ચિત્તમાં જેમ ચંચળ નેત્રવાલી સ્ત્રી પ્રિય હોય છે તેમ હે આત્મપ્રિયજનો ! તમને પાપ-પુણ્ય, હિત-અહિત, પ્રિય-અપ્રિય, કથ્ય-અકથ્ય, ધ્યેય-અધ્યેય તથા શુભ-અશુભને પ્રગટ કરવામાં ચતુર એવા વિવેકમાં જો પ્રીતિ (રતિ) હોય તો તેના અભંગ રાગમાં આસક્ત તમે સત્સંગને સેવો. ।।૮૨।।

સજ્જનોની સંગતિ કીર્તિને નવપલ્લવિત કરે છે. પાપને ચૂરી નાંખે છે.આહ્લાદને ખીલવે છે. પરિશ્રમને અટકાવે છે. બુદ્ધિના વૈભવને ઉત્પન્ન કરે છે. શત્રુઓને નષ્ટ કરે છે. પુણ્યનો ઢગલો કરે છે. સુંદર વિચારને આપે છે અને ભયને ઢાંકી દે છે. આ રીતે કલ્પવલ્લીની જેમ સજ્જનોની સંગતિ તરત જ શું નથી આપતી? (બધુ જ આપે છે) ।।૮૩।।

જેમ સૌરભસભર પુષ્પોના સંગથી સુતરના તાંતણાને રાજાઓ મુગુટમાં ધારણ કરે છે. તેમ તિરસ્કૃત વ્યક્તિ પણ વિસ્તૃત જ્ઞાનની સમૃદ્ધિની પ્રાપ્તિ કરાવનારા સજ્જનોના સંગથી ઉંચી પદવીને પામે છે. ।।૮૪।।

### शार्दूलविक्रीडितवृत्तम्

दत्ते चेद्रसनाः पतिः फणभृतामायुश्च पाथोजभूः,
स्थैर्यं निर्जरभूधरः सुरगुरुर्गीः कौशलं चातुलम् ।
सर्वज्ञत्वमुमापतिश्च रजनीराजः कलाः पेशलाः,
स्तोतुं तांस्तदयं क्षमेत महतां ये संगतः स्युर्गुणाः ।।८५।।

## મનઃશુદ્ધિ પ્રક્રમ

### स्रग्धरावृत्तम्

चेद्वाचो निर्विकारा यदि शमनिभृते नेत्रपत्रे पवित्रे,
गात्रे सध्यानमुद्रा यदि यदि च गतिर्मंदमंद प्रचारा ।
क्रोधादीनां निरोधो यदि यदि च वनेऽवस्थितिः प्रीतिपूता,
क्लेशावेशप्रवेशच्छिदिह हृदि तदा स्वैरमभ्येति शुद्धिः ।।८६।।

### शिखरिणीवृत्तम्

असौ भस्माभ्यंगः किमु किमुत भूमौ विलुठनं,
जटाटोपः कोऽयं किमु वपुरिदं निर्निवसनम् ।
कचालोचः कोऽयं प्रचुरतपसां किं च तपनं,
न चेच्चेतःशुद्धिः सुकृतसफलीकारकरणम् ।।८७।।

જો શેષનાગ પોતાની જીહ્વાઓ આપે, બ્રહ્મા પોતાનું આયુષ્ય આપે, મેરુપર્વત સ્થૈર્ય આપે, બૃહસ્પતિ વાણીનું અતુલ કૌશલ્ય આપે, મહાદેવ સર્વજ્ઞપણું આપે અને ચન્દ્ર પોતાની મનોહર કળાઓ આપે તો કદાચ મહાપુરુષોના સંગથી જે ગુણો ઉત્પન્ન થાય તેના વખાણ કરવા માટે શક્તિમાન થઈ શકાય. ।।૮૫।।

જો નિર્વિકારી વાણી હોય, શમરસથી ભરેલી આંખો હોય, પવિત્ર એવા શરીર ઉપર સદ્ધ્યાનની મુદ્રા હોય, ધીમી ધીમી ચાલવાલી ગતિ હોય, ક્રોધાદિનો નિરોધ કર્યો હોય અને પ્રસન્નતાપૂર્વક જંગલમાં નિવાસ કર્યો હોય તો કલેશ અને આવેશના દ્વારને છેદનારી શુદ્ધિ હ્રદયમાં પોતાની મેળે જ આવે છે.।।૮૬।।

સુકૃતને સફળ કરવાના સાધનરૂપ મનની શુદ્ધિ જો ન હોય તો શરીરે રાખ ચોળવાથી શું થવાનું? ભૂમિ ઉપર આળોટવાથી શું મળવાનું? જટાનો આડંબર કરવાથી તથા શરીરને નગ્ન રાખવાથી શું થવાનું? તેમજ વાળનો લોચ કરવાથી અને ઘણા તપો તપવાથી પણ શું મળવાનું? (કાંઇ લાભ નહી મળે) ।।૮૭।।

### वसंततिलकावृत्तम्

स्वैरं भ्रमञ्जगति चित्तनिशाचरोऽयं,
यैर्यन्त्रितः सुकृतकृत्यमनोज्ञमन्त्रैः ।
तेषामशेषसुखपोषिणि सिद्धिसौधे,
वासः सदाः समजनिष्ट समाधिभाजाम् ।।८८।।

### उपजातिवृत्तम्

विना मनःशुद्धिमशेषधर्म-
कर्माणि कुर्वन्नपि नैति सिद्धिम् ।
दृग्भ्यां विना किं मुकुरं करेण,
वहन्नपीक्षेत जनः स्वरुपम् ।।८९।।

### शार्दूलविक्रीडितवृत्तम्

दूतीं मुक्तिमृगीदृशो यदि मनःशुद्धिं विधातुं रति-
स्तत्स्वर्णे रमणीजने च हृदयं रक्ष्यं प्रलुभ्यत्सखे!।
एतल्लोभभराभिभूतहृदये न स्वार्थसार्थप्रथा,
प्रादुर्भावमुपैति शंवररुहां रोहः शिलायामिव ।।९०।।

જગતમાં સ્વચ્છંદરીતે ભમતા આ ચિત્તરૂપી રાક્ષસને પુણ્યકાર્યોરૂપી મનોજ્ઞ મંત્રોવડે જેઓએ નિયંત્રિત કર્યો છે, સમાધિને ભજનારા તેઓનો સકલ સુખને પોષનારા એવા સિદ્ધિ મહેલમાં કાયમી નિવાસ થયો છે. ।।૮૮।।

જેમ હાથવડે આરિસાને વહન કરવા છતાં પણ બન્ને આંખ વિના માનવી પોતાના રૂપને જોઈ શકતો નથી તેમ બધા ધર્મકાર્યો કરવા છતાં પણ મનની શુદ્ધિ વિના તે સફળતાને પામી શકતા નથી. ।।૮૯।।

મુક્તિરૂપી સ્ત્રીની દૂતી સમાન એવી મનની શુદ્ધિને ઉત્પન્ન કરવાનું જો મન હોય તો હે મિત્ર ! કંચન અને કામિનીમાં લોભાતા તારા હૃદયનું તારે રક્ષણ કરવું જોઈએ કારણ કે શિલા ઉપર જેમ કમળો ખીલતા નથી તેમ લોભના ભારથી અભિભૂત થયેલા હૃદયમાં આત્મહિતમાં ઉપયોગી મનની શુદ્ધિ પ્રગટ થતી નથી. ।।૯૦।।

# द्यूतत्याग प्रक्रम

## वसंततिलकावृत्तम्

भक्तिं भनक्ति विनयं विनिहन्ति तृष्णां,
पुष्णाति तर्जयति वर्यमजर्यवीर्यम् ।
पूजां पराभवति नीतिमपाकरोति,
द्यूतं विदूरयत तद्व्यसनाध्वसूतम् ।।९१।।

## शार्दूलविक्रीडितवृत्तम्

वंध्यां धाम्नि वधूं विधाय स कुधीधुर्यः सुतानीहते ।
झम्पापातमुपेत्य पर्वतपतेः प्राणान् स च प्रेप्स्यति ।
सच्छिद्रामधिरुह्य नावमुदधेः कूलं च काङ्क्षत्यसौ,
कृत्वा कैतवकौतुकं प्रकुरुते वित्तस्पृहां यो जडः ।।९२।।

भ्रातॄन् भूतभराभिभूत इव यल्लुब्धो दृशा नेक्षते,
भक्तोक्तिं शृणुते न च ज्वरितवद्यद्दत्तचित्तः पुमान् ।
लज्जामुज्झति मद्यमूर्च्छित इवासक्तश्च यत्र द्रुतं,
द्यूतं वित्तविनाशनं त्यज सखे! तन्मूर्खमैत्रीमिव ।।९३।।

જે ભક્તિનો ભંગ કરે છે. વિનયનો વિનાશ કરે છે. તૃષ્ણાને પુષ્ટ કરે છે. શ્રેષ્ઠ અને અવિનાશી પરાક્રમનો તિરસ્કાર કરે છે. આરાધનાનો અનાદર કરે છે તથા ન્યાયને દૂર કરે છે એવા વિપત્તિના માર્ગને ઉત્પન્ન કરનારા જુગારને તમે દૂર કરો. ॥૯૧॥

જે બેવકૂફ માણસ જુગારની ક્રીડા કરીને ધનની ઈચ્છા કરે છે તે મુરખનો સરદાર ઘરમાં વાંઝણી સ્ત્રીને પત્ની બનાવીને પુત્રોને ઈચ્છે છે. મેરુપર્વત ઉપરથી ઝંપાપાત કરીને જીવવાને ઈચ્છે છે તથા છિદ્રવાળા નાવમાં બેસીને તે દરિયાના કિનારે પહોંચવાની ઈચ્છા રાખે છે. ॥૯૨॥

જેનામાં લુબ્ધ થયેલો માનવી ભૂતના વળગાડથી અભિભૂત થયેલાની જેમ ભાઈઓ તરફ નજર પણ કરતો નથી, જેનામાં એકાગ્ર બનેલો પુરુષ તાવથી પીડિતની જેમ ભોજનની વાતને પણ સાંભળતો નથી તથા જેનામાં આસક્ત થયેલો માનવી દારુથી મૂર્ચ્છિત થયેલાની જેમ લજ્જાનો ત્યાગ કરે છે. ધનનો વિનાશ કરનારા તેવા જુગારનો હે મિત્ર ! તું મૂર્ખ સાથેની મૈત્રીની જેમ તરત જ ત્યાગ કર. ॥૯૩॥

### उपजातिवृत्तम्

यत्रापदां वृन्दमुपैति वृद्धिं,
कन्दस्तरूणामिव वारिभूमौ ।
त्यजन्ति तत्किं न मनीषिमुख्या,
द्यूतं दुराकूतमनूतमार्यैः ॥९४॥

### शार्दूलविक्रीडितवृत्तम्

स्थानं शून्यगृहं विटाः सहचराः स्निग्धश्च वेश्याजनः,
पार्षद्याः परमोषिणः परिजनाः कादंबरीपायिनः ।
व्यापारश्च परप्रियापरिचयः ख्यातिश्च वित्तव्ययो,
येषां द्यूतकृतां कथामपि कथं कुर्यात्समं तैः सुधीः ॥९५॥

## માંસત્યાગ પ્રક્રમ

निःकर्णेष्विव गीतिरीतिरफला सद्ध्यानधौरेयता,
कारुण्यस्य कथा वृथा मृगदृशां दृक्केलिरंधेष्विव ।
निर्जीविष्विव वस्त्रवेषरचना वैदग्ध्यबुद्धिर्मुधा,
मांसास्वादिषु देहिषु प्रणयिता व्यर्था लतेवाग्निषु
॥९६॥

રસાળ ભૂમિમાં જેમ વૃક્ષોના મૂળ વૃદ્ધિ પામે છે તેમ જેમાં આપત્તિઓનો સમૂહ વૃદ્ધિ પામે છે એવા શિષ્ટપુરુષોવડે નિંદિત અને દુષ્ટ આશય સ્વરુપ જુગારને હે શ્રેષ્ઠ જ્ઞાનીજનો ! તમે કેમ છોડતા નથી? ।।૯૪।।

નિર્જન ઘર એ જેમનું સ્થાન હોય, જાર પુરુષો જેમના સાથી હોય, વેશ્યા જેમની સ્નેહીજન હોય, બીજાને લૂંટનારાઓ જેમના સોબતી હોય, દારુડીયાઓ જેમના અનુયાયી હોય, પરસ્ત્રીનો પરિચય કરવો એ જ જેમનો ધંધો હોય તથા ઉડાઉ તરીકે જેઓ પ્રખ્યાત હોય એવા જુગારીઓની સાથે બુદ્ધિશાળી વાત પણ કેમ કરે? ।।૯૫।।

બહેરા માણસો આગળ જેમ ગાવાની પદ્ધતી નિષ્ફળ છે તેમ માંસાહારીઓમાં સદ્ધ્યાનનું ધૌરેયપણું નિષ્ફળ છે. આંધળાઓની આગળ જેમ સ્ત્રીના કટાક્ષોની ક્રીડા ફોગટ છે તેમ માંસાહારીની આગળ કરેલી કરુણાની વાત પણ ફોગટ છે અને જેમ મડદા ઉપર કરેલો વસ્ત્રાભૂષણનો શણગાર વ્યર્થ છે તેમ માંસાહારીઓમાં રહેલી બુદ્ધિની ચતુરાઈ પણ વ્યર્થ છે તથા જેમ અગ્નિમાં વેલડી નિરર્થક છે તેમ માંસાહારી પ્રાણીઓ ઉપર પ્રેમભાવ રાખવો નિરર્થક છે. ।।૯૬।।

हित्वा हारमुदारमौक्तिकमयं तैर्धीयतेऽहिर्गले,
त्यक्त्वा क्षीरमनुष्णधामधवलं मूत्रं च तैः पीयते ।
मुक्त्वा चन्दनमिन्दुकुन्दविशदं तैर्भूतिरभ्यंग्यते,
सन्त्यज्यापरभोज्यमद्भुततरं यैरामिषं भुज्यते ।।९७।।

स्वं ज्वालाजटिलेऽनले स बहले क्षिप्त्वेहते शीतता-
मुत्संगे भुजगं निधाय सविषं स प्राणितं काङ्क्षति ।
कीर्तिं काम्यति चाकृशां कृपणतामासूत्र्य स त्रस्तधी-
र्यःकर्तुं करुणामभीप्स्यति जडो जग्ध्वा पलं प्राणीनाम् ।।९८।।

चैतन्यं विषभक्षणादिव मधोः पानादिव प्राज्ञता,
विद्यालस्यसमागमादिव गुणग्रामोऽभिमानादिव ।
शीलं स्त्रीजनसंस्तवादिव मनःक्लेशादिव ध्यानधी-
र्देवार्चाशुचितादिपुण्यमखिलं मांसाशनान्नश्यति ।।९९।।

બીજા અદ્‌ભુત પક્વાન્નોને છોડીને જેઓ માંસનું ભક્ષણ કરે છે. તેઓ મોતીના મનોહર હારને છોડીને સર્પને ગળામાં ધારણ કરે છે. ચન્દ્ર જેવા ધવલ દૂધને છોડીને મૂત્રને પીવે છે તથા કપુર અને મોગરાના ફુલ જેવા ઉજ્વળ ચંદનને મૂકીને શરીરે રાખ ચોળે છે. ।।૯૭।।

જે મૂર્ખ માણસ પ્રાણીઓના માંસને ખાઈને દયા કરવાની ઈચ્છા રાખે છે, ત્રસ્ત બુદ્ધિવાળો તે માણસ પોતાની જાતને ગાઢ એવી જ્વાળાઓથી ભયંકર અગ્નિમાં નાંખીને શીતલતાની ઈચ્છા રાખે છે, ખોળામાં ઝેરી સાપને ધારણ કરીને તે જીવિતની ઈચ્છા રાખે છે તેમજ ઘણી કંજુસાઈ કરીને તે કીર્તિની કામના રાખે છે. ।।૯૮।।

જેમ ઝેર ખાવાથી ચેતના, મદિરાપાનથી ડહાપણ, આળસના સમાગમથી વિદ્યા, અભિમાનથી ગુણોનો સમૂહ, સ્ત્રીના (વિજાતીય) પરિચયથી શીલ અને માનસિક સંક્લેશથી ધ્યાનની એકાગ્રતા નાશ પામે છે તેમ માંસનું ભક્ષણ કરવાથી પ્રભુપૂજા-પવિત્રતા આદિ બધા જ પુણ્યો નાશ પામે છે. ।।૯૯।।

स्वागतावृत्तम्

पारदारिकनरः परपत्नीं,
तस्करश्च परकीयविभूतिम् ।
भोक्तुमिच्छति यथेह
तथासा-वामिषोपचितमामिषलुब्धः ।।१००।।

## मद्यत्याग प्रक्रम

शार्दूलविक्रीडितवृत्तम्।

स्वामित्वं समुपैति किंकरनरः प्रेष्यत्वमेति प्रभुः,
शत्रुः सोदरता मुपैति भजते प्रत्यर्थितां सोदरः ।
जायात्वं जननी प्रयाति जननीभावं च जायाजनो,
धर्मध्वंसधुराधुरीणमधुनः पानाभिभूतात्मनाम् ।।१०१।।

उपजातिवृत्तम्

ददात्यदेयं च दधात्यधेयं,
गायत्यगेयं च पिबत्यपेयम् ।
जयत्यजेयं च नयत्यनेयं,
न किं सुरापानकरः करोति ।।१०२।।

પરસ્ત્રીગમન કરનારો પુરુષ જેમ બીજાની પત્નિને ઈચ્છે છે તથા ચોર જેમ બીજાના વૈભવને ઈચ્છે છે તેમ માંસ ભક્ષણમાં લુબ્ધ થયેલો મનુષ્ય માંસથી પુષ્ટ થયેલા પશુને ખાવાને ઈચ્છે છે. ।।૧૦૦।।

ધર્મનો ધ્વંસ કરવામાં ધુરંધર એવા મદ્યપાનથી ઉન્મત્ત થયેલા માનવો માટે સેવકજન સ્વામીભાવને પામે છે અને સ્વામીજન સેવકભાવને પામે છે. શત્રુ મિત્રભાવને પામે છે અને મિત્ર શત્રુભાવને પામે છે તેમજ માતા પત્નીભાવને પામે છે અને પત્ની માતૃભાવને પામે છે. ।।૧૦૧।।

મદિરાપાન કરનારો માણસ નહી આપવા યોગ્ય આપે છે. નહી લેવા યોગ્ય લે છે. નહી ગાવા યોગ્ય ગાય છે. નહી પીવા યોગ્ય પીવે છે, નહી જીતવા યોગ્યને જીતે છે અને નહી લઈ જવા યોગ્યને લઈ જાય છે મદ્યપાન કરનારો ન કરવા યોગ્ય શું નથી કરતો? (બધુ જ અયોગ્ય કરે છે) ।।૧૦૨।।

## शार्दूलविक्रीडितवृत्तम्

यद्भ्राम्यन्ति गृहे गृहे विवसना यच्चत्वरे शेरते,
यद्भूमौ निपतन्त्यमुद्रितमुखा यच्चारटन्ति स्फुटम् ।
यद्वीथीषु विशन्ति कोशितदृशो जल्पन्त्यजल्प्यं च यत्,-
यद्बाढं च रुदन्ति मूढमतयस्तन्मद्यविस्फुर्जितम् ॥१०३॥

व्याधीनामवधिं पदं च विपदामुन्मादमाद्यद्धियां,
धामाधन्यगिरां गुहामयशसां स्थानं खनिं चैनसाम् ।
आधारं च युधां क्रुधां परिषदं संभोगभूमिं भियां,
मुश्चाचारविचारचारुरचनानिर्वारिणीं वारुणीम् ॥१०४॥

## हरिणीवृत्तम्

मतिकमलिनीनागं छागं दुरूहहविर्भुजः,
प्रकटितदयादैन्यं सैन्यं प्रमादमहीपतेः ।
व्यसनपयसां सिन्धुं बन्धुं कषायधरास्पृशां,
परिहर सुरापानं यानं विपत्पुरवर्त्मनि ॥१०५॥

મૂઢમતિવાળા માણસો ઘરે ઘરે જે ભમે છે, નાગા થઈને ચોકમાં જે સુવે છે, ઉઘાડું મોઢું રાખી ભૂમિપર જે પડે છે, જોર જોરથી જે બરાડા પાડે છે, આંખો મીંચીને શેરીમાં જે ઘુસે છે, અપશબ્દો બોલે છે તથા ઘણું જે રુવે છે તે બધો મદ્યપાનનો જ પ્રભાવ છે. ।।૧૦૩।।

રોગની પરાકાષ્ઠા સમી, વિપત્તિઓના સ્થાન સમી, ઉન્માદથી મત્ત થયેલી બુદ્ધિના ધામ સમી, ખરાબ વાણીની ગુફા સમી, અપકીર્તિના સ્થાન સમી, પાપોની ખાણ સમી, યુદ્ધના આધાર સમી, ક્રોધની સભા સમી, ભયની સંભોગભૂમિ સમી, તથા આચાર-વિચારના સુંદર વ્યવહારને નિવારનારી એવી મદિરાને તું મૂકી દે. ।।૧૦૪।।

બુદ્ધિરૂપી કમલિનીને ઉખેડવા માટે હાથી સમાન, કુતર્કરૂપી અગ્નિને પ્રજ્વલિત કરવા માટે અગ્નિદેવતા સમાન, પ્રમાદરૂપી રાજાના દયા અને દૈન્યરૂપી સૈન્યને પ્રગટ કરનાર, સંકટરૂપી જલના સાગર સમાન, કષાયરૂપી પૃથ્વીને પ્રાપ્ત કરાવનાર સાથી સમાન તથા વિપત્તિરૂપી નગરીના માર્ગે વહાન સમાન મદિરાપાનને તું છોડ. ।।૧૦૫।।

# वेश्यात्याग प्रक्रम

## शार्दूलविक्रीडितवृत्तम्

यद्वक्त्रं विटकोटिवक्त्रनिपतन्निष्ठीवनानां घटी,
यद्वक्षश्च जनंगमादिजनतापाणिप्रहारास्पदम् ।
यद्गात्रं बहुबाहुदंडनिबिडक्रोडीकृतिभ्रंशितं,
प्रेमैतासु दधाति धावकशिलातुल्यासु वेश्यासु कः ॥१०६॥

रत्येवासमसायकः पशुपतिः पुत्र्येव भूमिभृतः,
शच्येवाप्सरसां पतिर्मुररिपुः पुत्र्येव पाथोनिधेः ।
रोहिण्येव सुधामरीचिरवनेः पुत्र्येव पौलस्त्यजिद्,
बाहुभ्यां परिरभ्यते गणिकया वित्तेहया कुष्ट्यपि ॥१०७॥

## उपजातिवृत्तम्

यासु व्रजन् याति जनः कदाचि-
ज्जाम्यां च मातर्यपि मोहमूढः ।
अनेकलोकैः प्रतिसेवितासु,
किं तासु वेश्यासु रतिः शुभाय ॥१०८॥

જેનું મુખ કરોડો કામીપુરુષોના મુખમાંથી પડતા થુંકની કુંડી સમાન છે, જેની છાતી ચંડાલાદિ જનસમાજના હાથના પ્રહારનું પાત્ર છે તથા જેનું શરીર ઘણી ભુજાઓના ગાઢ આલિંગનથી ભ્રષ્ટ(ક્ષીણ) થયેલું છે એવી ધોબીની શિલા સમી વેશ્યાઓમાં કોણ પ્રેમ ધારણ કરે? ||૧૦૬||

જેમ રતિવડે કામદેવને, પાર્વતીવડે શંકરને, ઈન્દ્રાણીવડે ઈન્દ્રને, લક્ષ્મીવડે વિષ્ણુને, રોહિણીવડે ચન્દ્રને, અને સીતાવડે રામને આલિંગન કરાય છે તેમ ગણિકાવડે કોઢિયાને પણ ધનની ઈચ્છાથી બન્ને હાથવડે આલિંગન કરાય છે. ||૧૦૭||

વેશ્યાગમન કરનારો માણસ ક્યારેક બહેન અને માતા પ્રત્યે પણ મોહિત થાય છે. અનેક લોકોવડે સેવાયેલી તે વેશ્યાઓમાં કરેલી આસક્તિ શું શુભ માટે થાય ? (ન જ થાય) ||૧૦૮||

**शिखरिणीवृत्तम्**

धनं प्रीतिर्यासां धनमपि च रूपं निरूपमं,
धनं चार्वाचारो धनमपि च बुद्धिर्निरवधिः ।
धनं देवो यासां धनमपि च यासां गुरुरिह,
विधत्ते वेश्यासु प्रणयमिह कस्तासु मतिमान् ।।१०९।।

**वसंततिलकावृत्तम्**

मास्म स्मर स्मरनरेशवरुथिनीनां,
तासां पणाम्बुजदृशां हि दृशां विलासान् ।
यद्रूपदीपकलिकासु मनोहरासु,
स्नेहक्षयासु बहवः शलभीभवन्ति ।।११०।।

## शिकारत्याग प्रक्रम

**शार्दूलविक्रीडितवृत्तम्**

तेभ्यः श्वापदपेटकैः सहसुखैः सर्वैरपि त्रस्यते,
तैः सार्धं भषणा भ्रमन्ति विपदां पूराद्रवप्रोन्मुखाः ।
विध्यन्ते विविधायुधैश्च पशवः पुण्यैः समं तैः समे,
ये मूढा अटवीमटन्ति विकटां प्रारब्धपापर्द्धयः
।।१११।।

જેને માટે ધન એ જ પ્રેમ છે, ધન એ જ નિરૂપમ રૂપ છે અને ધન એ જ સુંદર આચાર છે વળી જેને માટે અસીમ બુદ્ધિ પણ ધન જ છે તથા જેના દેવ અને ગુરુ પણ ધન જ છે એવી વેશ્યામાં કયો બુદ્ધિશાળી માનવી પ્રેમ રાખે? ||૧૦૯||

હે પ્રાણી ! કામદેવરૂપી રાજાની સેના સમાન તે વેશ્યાઓની આંખની ક્રીડાનું (કટાક્ષોનું) તું સ્મરણ કર નહીં. કારણ કે સ્નેહ (તેલ) વિનાના જેના મનોહર રૂપરૂપી દીપકની જ્યોતમાં ઘણા માણસો પતંગીયાની જેમ પડે છે. (અને નાશ પામે છે) ||૧૧૦||

વિકટ એવા જંગલમાં ભમતા મૂઢ એવા શિકારી લોકોવડે સુખપૂર્વક વસતા બધા જ જંગલી પ્રાણીઓ ત્રાસ પામે છે. તેઓની સાથે વિપત્તિની આગાહી જ જાણે કરતા ન હોય એ રીતે ઉંચુ મુખ રાખી ભસતા કુતરાઓ ભમે છે. તથા વિવિધ શસ્ત્રોવડે વીંધાતા પશુઓની સાથે જ તેઓનું તમામ પુણ્ય પણ વીંધાય છે. (નાશ પામે છે) ||૧૧૧||

संपर्कं नरकैः कलिं च कुशलैर्वैरं सतां संगमैः,
प्रीतिं भीतिभरैरघैः परिचयं प्रेमापदां प्रापणैः ।
उद्वेगं विनयैर्नयैरमिलनं चेदीहसे हे सखे !,
सत्वव्रातभयंकरं कुरु तदा साटोपमाच्छोदनम् ॥११२॥

आक्रन्दा वनवासिनामसुमतां गीतानि तेषामृसक्,
कुल्याः कुङ्कुमहस्तका अनुचराः क्रूराः शुनां राशयः ।
जन्तुव्रातपलान्यहो रसवती यस्मिन् मृगव्यामहे,
श्वभ्रस्त्री परिरभ्यते मृगयुभिः कस्तत्र गच्छेत् सुधीः ॥११३॥

ये नीरं निपिबन्ति निर्झरभवं कुंजे च ये शेरते,
ये चाश्नन्ति तृणानि काननभुवि भ्राम्यन्ति येऽहर्निशम् ।
ये च स्वैरविहारसारसुखिता निर्मन्तवो जन्तवो,
हत्वा तान् मृगयासु कः समभवच्छ्वभ्रेषु नाभ्यागतः ॥११४॥

હે મિત્ર ! જો તું નરક સાથે સંયોગ કરવાને, કલ્યાણ સાથે કલહ કરવાને, સજ્જનોના સંબંધ સાથે વૈર કરવાને, ભયના સમૂહો સાથે પ્રેમ કરવાને, પાપી સાથે પરિચય કરવાને, આપત્તિ પમાડનાર સાથે પ્રીતિ કરવાને, વિનય સાથે ઉદ્વેગ કરવાને અને ન્યાય સાથે વિરહ કરવાને ઈચ્છતો હોય તો પ્રાણી સમૂહને ભયભીત કરનારા શિકારને તું ગર્વ સાથે કર. ।।૧૧૨।।

જે શિકારરૂપી (કુ)મહોત્સવમાં (વિવાહમાં) જંગલી પ્રાણીઓના આક્રંદરૂપી મંગલ ગીતો હોય છે, લોહી અને માંસના લાલરંગથી રંગાયેલા હાથવાળા ક્રૂર કુતરાઓના સમૂહો સોબતીઓ (જાનૈયાઓ) હોય છે. અને પ્રાણીઓનું માંસ એ રસોઈ હોય છે. તથા જ્યાં શિકારીઓ વડે નરકરૂપી સ્ત્રીને આલિંગન કરાય છે (વરાય છે) ત્યાં કયો બુદ્ધિશાળી માણસ જાય? ।।૧૧૩।।

જે નિરપરાધી પશુઓ ઝરણાનું પાણી પીવે છે અને ઝાડીમાં સુવે છે, વળી જેઓ ઘાસ ખાય છે અને જંગલમાં રાત-દિવસ ફરે છે તથા સ્વેચ્છાએ વિહરવું એ જ જેમનું શ્રેષ્ઠ સુખ છે એવા તે પશુઓને શિકારમાં હણીને કયો માણસ નરકનો અતિથિ ન થાય? ।।૧૧૪।।

### उपजातिवृत्तम्

जीवान् घ्नतां यत्र नभोऽम्बुभूगान्,
भवत्रयार्थः समुपैति हानिम् ।
आखेटकं पेटकमापदां कः,
कौतूहलेनापि करोति धीमान् ॥११५॥

## ચોરીત્યાગ પ્રક્રમ

### शिखरिणीवृत्तम्

प्रहारो यष्ट्याद्यैस्तदनु शिरसो मुंडनमथो,
खरारोपाटोपस्तदनु च जगद्गालिसहनम् ।
ततः शूलारोहो भवति च ततो दुर्गतिगति-
र्विचार्यैतच्चौर्याचरणचरितं मुञ्चति न कः ॥११६॥

नृणां प्राणा बाह्या यदनघयशो यद्यदमलः,
कुलाचारो यच्चानुपममहिमा यच्च गरिमा ।
कलानां यत्केलिर्यदसमतमा रुपरचना,
धनं तद्यैरात्तं निखिलमपि तैः संहृतमिदम् ॥११७॥

જેમાં ખેચર-જલચર અને સ્થલચર પ્રાણીઓને હણનારાઓના ત્રણ ભવના સુકૃતો નાશ પામે છે એવા આપત્તિઓના સમૂહરૂપ શિકારને કયો બુદ્ધિશાળી માણસ કુતૂહલતાથી પણ આચરે? ।।૧૧૫।।

જે ચોરી કરનારને પહેલા તો લાકડી આદિવડે માર પડે ત્યાર બાદ માથું મુંડાવવું પડે ત્યારબાદ ગધેડા પર બેસવાનો આડંબર અને પછી લોકોની ગાળોને સહન કરવી પડે ત્યારબાદ શૂળી ઉપર ચઢવું પડે અને ત્યારબાદ દુર્ગતિમાં ગમન થાય. ચોરીનું આચરણ કરનારના આવા ચરિત્રને વિચારી તેનો ત્યાગ કોણ ન કરે? ।।૧૧૬।।

મનુષ્યના જે બાહ્ય પ્રાણો છે, નિર્મળ યશ છે, પવિત્ર કુળાચાર છે, અનુપમ મહત્તા અને શ્રેષ્ઠતા છે તથા જે કળાની ક્રીડા છે તેમજ અદ્વિતીય રૂપ છે એવા ધનને જેઓએ લીધું છે (ચોર્યું છે) તેઓએ તેનું આ બધુ પણ હરી લીધું છે. ।।૧૧૭।।

### शार्दूलविक्रीडितवृत्तम्

वैरं विश्वजनैरकारि कलहः कीर्त्या च लोकद्वयी,
कृत्यैर्मत्सर उत्सवैश्च विरहः सौख्यैरसूयोदयः ।
प्राणैरप्रियता प्रियैरलपनं द्रोहश्च धर्मेच्छया,
विश्रम्भेन हठश्च तैरतिशठैर्यैश्चोरिका निर्ममे ॥११८॥

तत्कीर्तिः कुमुदेन्दुकुन्दकलिकाकर्पूरपूरोपमा,
तत्स्फूर्तिः परमप्रमोदविलसत्पावित्र्यपाथ प्रपा ।
तन्मूर्तिः स्मरपार्थिवस्मयशशिस्वर्भाणुरुद्भ्राजते,
चौर्यं यैर्मुमुचे लसद्गुणगणारामैकदावानलम् ॥११९॥

### उपजातिवृत्तम्

अकीर्तिविस्फुर्तिलताम्बुवाहं,
दौर्भाग्यदैन्याम्बुजसप्तवाहम् ।
विश्रम्भधाराधरगन्धवाहं,
विमुञ्च चौर्यं दुरितप्रवाहम् ॥१२०॥

જે અતિદુષ્ટ લોકોએ ચોરી કરી છે તેઓએ વિશ્વના લોકો સાથે વૈર કર્યું છે. કીર્તિ સાથે કલહ કર્યો છે. ઉભય લોકના કાર્યો સાથે દ્વેષ કર્યો છે. આનંદ સાથે વિયોગ કર્યો છે. સુખ સાથે નારાજગી કરી છે. પ્રાણ સાથે અપ્રીતિ કરી છે. પ્રિય સાથે અબોલડા કર્યા છે. ધર્મની ઈચ્છા સાથે દ્રોહ કર્યો છે તેમજ વિશ્વાસ સાથે હઠ કરી છે. ।।૧૧૮।।

ઉલ્લસાયમાન થતા ગુણોના સમૂહ રૂપી બગીચાને બાળવા માટે દાવાનળ સમાન ચોરીને જેઓએ છોડી છે તેઓની કીર્તિ શ્વેતકમળ, ચન્દ્ર, મોગરાની કળી અને કપૂરના સમૂહ જેવી ઉજ્વળ શોભે છે. તેઓની સ્ફૂર્તિ પરમાનંદથી શોભતી પવિત્રતાની પરબ સમી શોભે છે તથા તેઓનો દેહ કામરાજરૂપી ચન્દ્રના ગર્વને ગ્રસિત કરવા માટે રાહુ જેવો શોભે છે. ।।૧૧૯।।

અપકીર્તિની વિસ્તરતી વેલડીને વધારવામાં મેઘ જેવી, દૌર્ભાગ્ય-દૈન્યરૂપી કમળને વિકસાવવા માટે સૂર્ય જેવી, વિશ્વાસરૂપી વાદળોને વિખેરવા માટે પવન જેવી તેમજ પાપોના પ્રવાહ જેવી ચોરીને હે પ્રાણી ! તું છોડી દે. ।।૧૨૦।।

# परस्त्रीत्याग प्रक्रम

## शार्दूलविक्रीडितवृत्तम्

नो हास्यं सुरतप्रपञ्चचतुरं नालिंगनं निर्भरं,
नैवोरोजसरोजयुग्मललुठत् पाणिं प्रमीलामलम् ।
नो बिंबाधरचुंबनं स्थिरतया कुर्यात् पुमान् प्रेयसी-
मन्येषां रमयन्निकामचकितः कामीति काम्या न ताः ॥१२१॥

पौराणां पुरतः प्रपञ्च्य महिमां दत्तः पितृभ्यां स्वयं,
यो दत्वा स्वकरं करेण च वृतः सप्तार्चिषां साक्षिकम् ।
तं हित्वा पतिमीहते यदितरं या कामिनी कामिनं,
तन्नूनं कथमात्मसाद्भवति सा स्वच्छंदसंचारिणी ॥१२२॥

पूर्णाऽप्यन्यपराभवैकतमसा यत्संगतो ग्रस्यते,
प्रादुर्भूतकलंकपंककलितः सुश्लोकशीतद्युतिः ।
नीचाचारविधौ महानिव भवेदापातमात्रप्रिये,
कोऽस्मिन् स्वैरविहारकारिणि सुधीः प्रीतः परस्त्रीजने ॥१२३॥

પરસ્ત્રીમાં રક્ત પુરુષ વિલાસ સમયે અત્યંત ભયભીત હોવાથી કામના પ્રપંચમાં યોગ્ય હાસ્ય, ગાઢ આલિંગન, સુખપૂર્વક આંખ મીંચીને ઉરોજકમળ પર હસ્તક્ષેપ કે સ્થિરતાથી ઓષ્ઠ બિંબને ચૂમી શકતો નથી તેથી તેવી પરસ્ત્રીની કામના પણ કરવા જેવી નથી. ।।૧૨૧।।

જે પતિને નગરના લોકોની સમક્ષ મહોત્સવપૂર્વક મા-બાપે પોતે આપેલો છે તથા જેને પોતાનો હાથ તેના (પતિના) હાથમાં આપીને અગ્નિની સાક્ષિએ વરેલો છે એવા પતિને તજીને જે સ્ત્રી બીજા કામી પુરુષને ઇચ્છે છે તે સ્વચ્છંદાચારી સ્ત્રી ખરેખર પોતાની શી રીતે થાય? ।।૧૨૨।।

જે પરસ્ત્રીના સંગથી સુપ્રખ્યાત અને સંપૂર્ણ એવો પણ ચંદ્ર અન્યના (રાહુના) પરાભવરૂપી અંધકારથી ગ્રસ્ત થાય છે તથા કલંકરૂપી પંકથી આચ્છાદિત થાય છે. માટે નીચજનોની પ્રવૃત્તિમાં જેમ સજ્જન પુરુષો પ્રીતિવાળા ન થાય તેમ આરંભમાં જ આનંદ આપનારી તથા સ્વચ્છંદ રીતે ફરનારી એવી પરસ્ત્રીઓમાં કયો ઉત્તમ બુદ્ધિમાન માણસ પ્રીતિવાળો થાય? ।।૧૨૩।।

घोषेषु स्थितिमीहते स विमतिर्मुक्त्वामराणां पुरीं,
त्यक्त्वा मंदरमेदिनीमवकरानुत्खातुमुत्कश्च सः ।
पातुं वाञ्छति मुक्तनिर्मलजलः स ग्राममार्गोदकम्,
त्यक्त्वात्मप्रमदाः परप्रियतमा यः सेवितुं काङ्क्षति ।।१२४।।

उपजातिवृत्तम्

निजांगनासंगमनंगरंगादन्येषु वाञ्छत्सु यथात्मकोपः ।
तथा परेषामिति मन्यमानास्त्यजन्ति सन्तः परकीयपत्नीः ।।१२५।।

## ઈન્દ્રિય પ્રક્રમ

शार्दूलविक्रीडितवृत्तम्

सारंगान् भ्रमरानिभांश्च शलभान् मीनांश्च मृत्युंगतान्,
कर्णघ्राणशरीरनेत्ररसनाकामैः प्रकामोत्सुकः ।
दृष्ट्वा शिष्टपथप्रवृत्तिविपिनश्रेणीसमुत्पाटने,
साटोपं द्विपमिन्द्रियव्रजमिमं धीमान् विधत्ते वशम् ।।१२६।।

જે માણસ પોતાની સ્ત્રીને તજીને પરસ્ત્રીને સેવવાને ઇચ્છે છે, તે દુર્બુદ્ધિવાળો માણસ દેવતાની નગરીને છોડીને ગોવાળીયાઓની ઝુંપડીમાં રહેવા ઇચ્છે છે. સુવર્ણ માટે મેરુપર્વતની ભૂમિને તજીને ઉકરડાને ખોદવા ઉત્કંઠિત થયો છે તેમજ નિર્મળ જળ તજીને ગામડાની ગટરનું પાણી પીવાને ઇચ્છે છે. ।।૧૨૪।।

કામદેવના રંગથી રંગાયેલ અન્ય પુરુષો પોતાની સ્ત્રીને ઇચ્છે તો પોતાને જેમ ક્રોધ ચડે છે તેમ બીજાને પણ ક્રોધ ચડે એવું માનતા સજ્જનપુરુષો પરસ્ત્રીનો ત્યાગ કરે છે. ।।૧૨૫।।

કાન, નાક, સ્પર્શ, આંખ તથા જીભના વિષયોથી (અનુક્રમે) મૃત્યુને પામેલા મૃગલાઓ, ભ્રમરાઓ, હાથીઓ, પતંગીયાઓ અને માછલાઓને જોઈને અત્યંત બેચેન બનેલો બુદ્ધિશાળી માનવી સદાચારરૂપી વનરાજીને ઉખેડવા માટે મદોન્મત્ત હાથી જેવા ઈન્દ્રિયોના સમૂહને અંકુશમાં રાખે છે. ।।૧૨૬।।

दम्भाम्भोरुहिणीविकाशनविधौ योंऽभोजिनीवल्लभो,
यो लांपट्यकलाकलापजलधौ पीयूषपादोपमः ।
यः स्पर्द्धावसुधारुहालिजलदो यश्चोत्पथप्रस्थितौ,
पारीणश्च तमुद्धुरं विषयिणां व्रातं जयन् भद्रभाक् ॥१२७॥

स प्राज्यैर्ज्वलनैर्विना रसवतीपाकं चिकीर्षुः कुधी-
स्त्यक्त्वा पोतमगाधवार्धितरणं दोर्भ्यां विधित्सुश्च सः ।
बीजानां वपनैर्विनेच्छति स च क्षेत्रेषु धान्योद्‌गमं,
योऽक्षाणां विजयैर्विना स्पृहयति ध्यानं विधातुं शुभम्
॥१२८॥

रागद्वेषविनिर्जयाम्बुजवने यः पद्मिनीनां पतिः,
कृत्याकृत्यविवेककाननपयोवाहप्रवाहश्च यः ।
यः सद्‌बोधविरोधभूधरशिरःशंबप्रहारोपमः,
साम्योल्लासमयं तमिन्द्रियजयं कृत्वा भवानन्दवान्
॥१२९॥

કપટરૂપી કમળિનીને વિકસિત કરવા માટે જે સૂર્ય સમાન છે. આસક્તિની કળાના સમૂહરૂપી સાગરમાં ભરતી લાવવા માટે જે ચન્દ્ર સમાન છે. અદેખાઈરૂપી વૃક્ષોની હારમાળાને સિંચવા માટે જે મેઘ સમાન છે અને ઉન્માર્ગમાં પ્રસ્થાન કરનારાઓને જે પાર પહોંચાડનાર છે તેવા ઉદ્ધત ઈન્દ્રિયોના સમૂહને જીતનાર માણસ કલ્યાણનો ભાગી થાય છે. ।।૧૨૭।।

જે ઈન્દ્રિયોને જીત્યા વિના શુભ ધ્યાન ધરવાની ઈચ્છા રાખે છે તે મૂર્ખ પ્રજ્વલિત અગ્નિ વિના રસોઈ બનાવવાની ઈચ્છા રાખે છે. નાવને છોડીને હાથ વડે અગાધ સમુદ્રને તરવાની ઈચ્છા રાખે છે તથા બીજની વાવણી કર્યા વિના જ ખેતરમાં ધાન્ય ઉગાડવાની ઈચ્છા રાખે છે. ।।૧૨૮।।

જે રાગદ્વેષના વિજયરૂપી કમળવનને વિકસિત કરવા માટે સૂર્ય સમાન છે. કૃત્યાકૃત્યના વિવેકવનનું સિંચન કરવા માટે મેઘધારા સમાન છે તથા સાચી સમજનો વિરોધરૂપી પર્વત શિખરને ભેદવા માટે વજ્રના પ્રહાર સમાન છે તેવા સમતાના ઉલ્લાસવાળા ઈન્દ્રિય જયને કરીને હે પ્રાણી ! તું આનંદિત થા. ।।૧૨૯।।

विद्वांसो बहुशो विचारवचनैश्चेतश्चमत्कारिणः,
शूराः सन्ति सहस्रशश्च समरव्यापारबद्धादराः ।
दातारोऽपि पदे पदे घनधनैः कल्पद्रुकल्पाः कलौ,
ते केऽपीन्द्रियतस्करैरपहृतं येषां न पुण्यं धनम् ।।१३०।।

## અહિંસા પ્રક્રમ

शक्रस्यैव सुरद्विपो मधुरिपोरेवांडजानां पतिः,
श्रीदस्यैव च पुष्पकं पशुपतेरेवोक्षचूडामणिः ।
स्कन्दस्यैव भुजंगभुग् गणपतेरेवोन्दुरो वाहनं,
धन्यस्यैव शिवाध्वनि प्रविदिता यानं कृपा कोविदैः ।।१३१।।

गांभिर्यं जलधेर्धनं धनपतेरैश्वर्यमेकेक्षणात्,
सौन्दर्यं स्मरतः श्रियं जलशयादायुश्च दीर्घं ध्रुवात् ।
सौभाग्यं शुभमश्विनीसुतयुगाच्छक्तिं च सत्याः सुता-
ल्लात्वा तं विदधे विधिर्विधिमनाश्चक्रे कृपा योऽङ्गिषु
।।१३२।।

આ કલિયુગમાં ચિંતનસભર વચનો વડે ચિત્તમાં આશ્ચર્ય ઉપજાવનારા વિદ્વાન પુરુષો ઘણા છે. યુદ્ધની પ્રવૃત્તિમાં ઉત્સુકતાવાળા શૂરવીરો પણ હજારો છે તથા ઘણા ધનનું દાન આપનારા કલ્પવૃક્ષ જેવા દાનવીરો પણ સ્થળે સ્થળે છે પરંતુ જેમનું પવિત્રતારૂપી ધન ઈન્દ્રિયરૂપી ચોરો દ્વારા ચોરાયું નથી એવા તો કો'ક જ વિરલા છે. ।।૧૩૦।।

જેમ ઈન્દ્રનું વાહન ઐરાવત હાથી છે, કૃષ્ણનું વાહન ગરુડ છે, કુબેરનું વાહન પુષ્પક વિમાન છે, મહાદેવનું વાહન બળદ છે, કાર્તિકેયનું વાહન મોર છે તથા ગણપતિનું વાહન ઉંદર છે તેમ પંડિતોએ શિવમાર્ગે જવા માટે ધન્યપુરુષનું વાહન દયા કહ્યું છે. ।।૧૩૧।।

જેને જીવો ઉપર દયા કરી છે તેને વિધાતાએ સાગર પાસેથી ગાંભીર્યને લઈને, કુબેર પાસેથી ધન લઈને, મહાદેવ પાસેથી ઐશ્વર્યને લઈન, કામદેવ પાસેથી સૌન્દર્યને લઈને, વિષ્ણુ પાસેથી લક્ષ્મી લઈને, ધ્રુવ પાસેથી દીર્ઘ આયુષ્ય લઈને, અશ્વિનીકુમારો પાસેથી સુખ-સૌભાગ્યને લઈને તથા વ્યાસ પાસેથી સામર્થ્યને લઈને બનાવ્યો છે. ।।૧૩૨।।

नानामौक्तिकहेमविद्रुममणिद्युम्नाह्वयं गोमयं,
दुग्धं दुग्धपयोधिहारिलहरीशुभ्रं यशःसंचयम् ।
वत्सं विश्वजनेहनीयमहसं स्वर्गापवर्गोदयं,
या यच्छत्यवतां दयामरगवी सा रक्ष्यतामक्षयम् ॥१३३॥

अस्ताद्रेरुदयं रवेः स लवणान्माधुर्यमास्यादहेः,
पीयूषं च कुहोरनुष्णकिरणं हानिं कुपथ्याद्रुजाम् ।
पावित्र्यं श्वपचाद्दिनं च रजनेर्दीक्षां श्रियां संग्रहात्,
कांताराន्नगरं च काङ्क्षति वधाद्यो धर्ममिच्छत्यधीः ॥१३४॥

धर्माणां निधिरास्पदं च यशसां संभोगभूमिः श्रिया-
मास्थानं महसां च भूरविपदां यानं भवाम्भोनिधेः ।
स्कन्धः सन्मतिवीरुधां प्रियसखी स्वर्गापवर्गश्रियां,
धन्यानां दयिता दयास्तु दयिता क्लेशैरशेषैरलम् ॥१३५॥

જે પોતાનું રક્ષણ કરનારને વિવિધ જાતિના તેજસ્વી મોતી-સુવર્ણ-પરવાળા-મણિ-ધન રૂપી અખૂટ છાણને આપે છે. ક્ષીરસાગરની મનોહર લહેરો જેવા ઉજ્વલ યશના સમૂહરૂપી અખૂટ દુધને આપે છે તથા સમસ્ત માનવજાતિને સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિરૂપી અવિનાશી વાછરડાને આપે છે એવી દયારૂપી કામધેનૂનું રક્ષણ કરો. ।।૧૩૩।।

જે બુદ્ધિહીન માનવી જીવહિંસાથી ધર્મને ઈચ્છે છે. તે અસ્તાચલ પર્વત પાસેથી સૂર્યના ઉદયને ઈચ્છે છે. મીઠા પાસેથી મીઠાશને ઈચ્છે છે.સર્પના મુખમાંથી અમૃતને ઈચ્છે છે. અમાવસ્યા પાસેથી ચન્દ્રને ઈચ્છે છે. અપથ્ય ભોજનથી સ્વાસ્થ્યને ઈચ્છે છે. ચાંડાલ પાસેથી પવિત્રતાને ઈચ્છે છે. રાત્રીપાસેથી દિવસને ઈચ્છે છે. લક્ષ્મીના સંગ્રહથી દીક્ષાને ઈચ્છે છે તથા જંગલ પાસેથી નગરને ઈચ્છે છે. ।।૧૩૪।।

જે ધર્મનો ભંડાર છે. યશનું આશ્રય સ્થાન છે. લક્ષ્મીની સંભોગભૂમિ છે. મહત્તાનું વિશ્રામ સ્થાન છે. સુખની ભૂમિ છે. ભવસાગરમાં નાવ છે. સન્મતિરૂપી લતાનું મૂળ છે તથા સ્વર્ગ અને મોક્ષરૂપી લક્ષ્મીની પ્રિય સખી છે એવી દયારૂપી પત્ની ધન્ય પુરુષોની થાઓ બીજા બધા પત્નીજન્ય ક્લેશોથી સર્યું. ।।૧૩૫।।

## सत्य प्रक्रम

कीर्तौ कज्जलकूर्चकं हलमुखं विश्वासविश्वातले,
नानानर्थकदर्थनावनघनं कौलीनकेलिगृहम् ।
प्रेमप्रौढपयोदपूरपवनं सन्मानमुस्ताङ्कुरे,
कोलं कोलसदाशयोऽद्भूतमतिर्भाषां मृषां भाषते
।।१३६।।

सिंदूरः करिमूर्ध्नि मंदिरमणिर्गेहे च देहेऽसुमां,
स्तारुण्यं चलचक्षुषि द्युतिपतिर्व्योम्नि द्विजेशो निशि ।
प्रासादे प्रतिमालिके च तिलकं भूषा यथा जायते,
कीर्तेः केलिगृहं तथा तनुमतां वक्त्रे वचः सूनृतम् ।।१३७।।

**स्वागतावृत्तम्**

हानिमेति ददतां धनमुच्चैः,
शीलतो भवति भोगवियोगः ।
जायते च तपसा तनुकार्श्यं,
हीयते किमपि नानघवाक्यैः ।।१३८।।

કીર્તિ પ્રત્યે કાળા કુચડા સમાન, વિશ્વાસરૂપી ભૂમિતલને ખોદવા માટે હળની અણી સમાન, વિવિધ અનર્થની પીડારૂપ વનને વિકસિત કરવા માટે મેઘ સમાન, લોકાપવાદના ક્રીડાંગણ સમાન, પ્રેમરૂપી ગાઢા વાદળાઓના સમૂહને વિખેરવા માટે પવન સમાન તથા આદરરૂપી ઘાસના અંકુરાને ઉખેડવા માટે ભુંડ સમાન અસત્ય ભાષાને કોળસા જેવા કાળા આશયમાંથી જન્મેલી મતિવાળો માણસ બોલે છે. ॥૧૩૬॥

જેમ હાથીના મસ્તકે સિંદુર, ઘરમાં દીવો, શરીરમાં પ્રાણ, સ્ત્રીમાં તારુણ્ય, આકાશમાં સૂર્ય, રાત્રીમાં ચન્દ્ર, દેવાલયમાં પ્રતિમા, અને કપાળે તિલક ભૂષણરૂપ થાય છે તેમ મનુષ્યોના મુખમાં કીર્તિના ક્રીડાગૃહ સમાન સત્ય વચન ભૂષણરૂપ થાય છે. ॥૧૩૭॥

મોટુ દાન આપવાથી ધનની હાની થાય છે. શીલપાળવાથી ભોગનો વિયોગ થાય છે. તપ કરવાથી કાયાની દુર્બળતા થાય છે પરંતુ નિષ્પાપવચન બોલવાથી કાંઈ જ નુકસાન થતું નથી. ॥૧૩૮॥

**शार्दूलविक्रीडितवृत्तम्**

अग्निः शाम्यति मुञ्चति प्रभुरपामौद्धत्यमोघो रुजां,
यात्यस्तं विकटा घटा करटिनामाटीकते नान्तिकम् ।
शैथिल्यं समुपैति सिंधुररिपुः सर्पोऽपि नोत्सर्पति,
द्राग् दूरादुपयाति दस्युरणभीः सत्यं वचो जल्पताम् ॥१३९॥

तस्माद्वैरमुपैति दूरमुरगश्रेणिः सुपर्णादिव,
क्लेशो नश्यति भास्करादिव तमस्तस्मादकस्माद्भवः ।
तस्माद्भीस्तुहिमादिवाम्बुरुहिणी सञ्जायते नश्वरा,
सत्योद्गच्छति गीर्यदीयवदनाद् गंगेव गौरीगुरोः ॥१४०॥

## અદત્ત પ્રક્રમ

**वसंततिलकावृत्तम्**

अप्रेमपंकरुहिणीपतिपूर्वशैलं,
धर्मार्थकामकमलाकरशर्वरीशम् ।
स्वर्गापवर्गपुरमार्गनिरोधयोधं,
स्तेयं निराकुरुत कीर्तिलताकुठारम् ॥१४१॥

સત્યવચન બોલવાથી અગ્નિ શાંત થાય છે. સાગર મર્યાદાને મૂકતો નથી.રોગોનો સમૂહ નાશ પામે છે. હાથીનું ભયંકર ટોળું તેની પાસે આવતુ નથી. સિંહ શિથિલ બને છે. સાપ પણ નજીક આવતો નથી અને ચોર તથા યુદ્ધનો ભય તરત દૂરથી જ ભાગી જાય છે. ।।૧૩૯।।

જેના મુખમાંથી હિમાલયપર્વતના મુખમાંથી નીકળતી ગંગાની જેમ સત્યવાણી નીકળે છે. તેનાથી ગરુડથી જેમ સર્પશ્રેણી દૂર ભાગે તેમ વૈર દૂર ભાગે છે. સૂર્યથી જેમ અંધકાર નાશ પામે તેમ કારણ વિના થયેલો ક્લેશ નાશ પામે છે તથા બરફથી જેમ કમલિની નાશ પામે તેમ તેનાથી ભય નાશ પામે છે. ।।૧૪૦।।

દ્વેષરુપી સૂર્યના ઉદય માટે પૂર્વાચલ પર્વત સમાન, ધર્મ-અર્થ-કામ પુરુષાર્થરૂપી (સૂર્યવિકાસી) કમળોના સમૂહ માટે ચન્દ્ર સમાન, સ્વર્ગપુરી અને મોક્ષપુરીના માર્ગે જતા અટકાવનારા સુભટ સમાન તેમજ કીર્તિરુપી વેલડીને છેદવા માટે કુહાડી સમાન ચોરીનો હે પ્રાણીઓ ! તમે તિરસ્કાર કરો. ।।૧૪૧।।

## शार्दूलविक्रीडितवृत्तम्

कीर्तिं हन्ति खलश्च बालमिलनं माहात्म्यमंगंमहा-
व्याधिर्दुस्तनयः कुलं च विमलं चिंता मनश्चारुताम् ।
स्त्रीशीलं स्मरलंपटश्च कपटः पुण्यं गुणाञ्नीचता,
मर्त्यैर्वित्तमदत्तमात्तमिह यैः सर्वं हतं तैरिदम् ।।१४२।।

भुक्त्वोच्चैर्विषमं विषं विषभृतां तैः कामितं जीवितं,
तैरब्धेरतुलं निपीय सलिलं तृष्णाक्षयोऽभीप्सितः ।
क्षिप्त्वा कुन्तमुखं च तैर्नयनयोः कंडूक्षतिः काङ्क्षिता,
यैरादाय परर्धिमात्मसदने पूर्त्तिः श्रियामीहिता ।।१४३।।

स्त्रीणां हार इवातिपीनकुचयोः काञ्चीव काञ्चीपदे,
गल्ले पत्रलतेव कज्जलमिवालंकारकृच्चक्षुषोः ।
रेणुर्भूमिविभूषणं चरणयोः पुण्यात्मनां जायते,
ऽन्येषां वित्तमदत्तमत्र जहतां पुंसां प्रशंसापहम् ।।१४४।।

દુર્જનતા કીર્તિનો નાશ કરે છે. અજ્ઞાનીનો સંગ મોટાઈનો નાશ કરે છે. મહારોગ શરીરનો નાશ કરે છે. કુપુત્ર નિર્મળ કુળનો નાશ કરે છે. ચિંતા મનની પ્રસન્નતાનો નાશ કરે છે. કામાસક્ત પુરુષ સ્ત્રીના શીલનો નાશ કરે છે. કપટ પુણ્યનો અને અધમપણું ગુણોનો નાશ કરે છે પરંતુ જે માણસોએ આ જગતમાં ચોરી કરીને ધન મેળવ્યું છે તેઓએ તો આ બધાનો જ નાશ કર્યો છે. ।।૧૪૨।।

જે લોકોએ અન્યના ધનને લઈને (ચોરીને) પોતાના ઘરમાં લક્ષ્મીની પૂર્ણતા ઈચ્છી છે તેઓએ સર્પોના વિષમ વિષને ખૂબ ખાઈને જીવિતને ઈચ્છયું છે. સાગરના ખારા પાણીને પીને તરસ છીપાવવાની ઈચ્છા રાખી છે તથા આંખોમાં ભાલાની અણીને નાંખીને આંખની ચળનો નાશ ઈચ્છ્યો છે. ।।૧૪૩।।

સ્ત્રીઓના ભરાવદાર સ્તનો ઉપર જેમ હાર, કેડ ઉપર જેમ કંદોરો, ગાલ ઉપર જેમ કુંડલ અને આંખોમાં જેમ કાજળ ભૂષણરૂપ થાય છે તેમ કીર્તિનો નાશ કરનાર નહી આપેલા પરધનનો ત્યાગ કરનારા પુણ્યશાળી પુરુષોના ચરણની રજ પૃથ્વીના ભૂષણરૂપ થાય છે. ।।૧૪૪।।

अनुष्टुप्वृत्तम्

अदत्तादानमाहात्म्य-महो वाचामगोचरः।
यदर्थमाददानाना-मनर्थोऽभ्येति सद्मनि ।।१४५।।

## બ્રહ્મચર્ય પ્રક્રમ

शार्दूलविक्रीडितवृत्तम्

दोर्भ्यां ये जलधेस्तरन्ति सलिलं पद्भ्यां नभःप्रांगणे,
ये भ्राम्यन्ति च वारबाणरहिताः कुर्वन्ति ये चाहवम् ।
ये दुष्टामटवीमटन्ति पटवस्ते सन्ति संख्यातिगा-
स्ते केचिच्चलचक्षुषां परिचयैश्चित्तं यदीयं शुचि ।।१४६।।

खद्योतैरिव भानुमांश्च भषणैः कुंभीव जंभद्विषः,
सारंगैरिव केसरी मखभुजां भर्तेव दैत्यव्रजैः ।
सौपर्णेय इवोरगैश्च मरुतां स्तोमैरिवस्वर्गिरि-
र्न स्त्रीभिर्बिभिदे यदीयहृदयं शूराय तस्मै नमः ।।१४७।।

અહો ! ચોરીનું મહાત્મ્ય વચનાતીત છે કારણ કે ચોરીનું ધન લેનારાઓના ઘરમાં અર્થને બદલે અનર્થ આવે છે. ।।૧૪૫।।

જેઓ હાથવડે સાગરને તરે છે. પગવડે આકાશમાં ભમે છે. બખ્તર અને બાણ વિના યુદ્ધ કરે છે તથા ભયંકર અટવીમાં ફરે છે તેવા કુશળ લોકો આ વિશ્વમાં અસંખ્યાતા છે પરંતુ સ્ત્રીઓના પરિચયથી જેઓનું મન પવિત્ર રહે તેવા તો કો'ક વિરલા જ હોય છે. ।।૧૪૬।।

જેમ આગીયાઓથી સૂર્ય, કુતરાઓથી ઐરાવણ હાથી, હરણીયાઓથી સિંહ, રાક્ષસોના સમૂહથી ઈન્દ્ર, સર્પોથી ગરુડ તથા પવનના સમૂહથી મેરુગિરિ ચલિત થતો નથી તેમ સ્ત્રીઓવડે જેનું હૃદય ચલિત થતું નથી તેવા શૂરવીરને નમસ્કાર થાઓ. ।।૧૪૭।।

गुह्यं दुर्जनचेतसीव सलिलं मूर्ध्नीव धात्रीभृतो,
युद्धोर्व्यामिव कातरः कलिमलः स्वांते सुसाधोरिव ।
दौर्गत्यं धरणीरुहीव मरुतां भेजे न चेतोम्बुजे,
स्थैर्यं यस्य मृगीदृशां विलसितं धन्याय तस्मै नमः ।।१४८।।

**इन्द्रवज्रावृत्तम्**

भ्रूभंगभोगैर्लसदंतरालै-
र्नैणीदृशां देहसदर्पसर्पैः ।
सद्ध्यानदीपः समियाय शांतिं,
तस्मै नमः संयमिकुञ्जराय ।।१४९।।

[१]पाताले हिमरश्मिरश्मि सवयो, भोगीन्द्रभोगच्छलात्,
तत्कीर्तिं रमतेऽनयोजनि मनाग्, भीरुर्जराभीरुतः ।
..........................................
..........................................।।१५०।।

જેમ દુર્જનના મનમાં ગુપ્તવાત, પર્વતના શિખરે પાણી, સમરાંગણમાં કાયરપુરુષ, સદ્ગુણીના અંતઃકરણમાં કલિયુગના દોષો તથા વૃક્ષ ઉપર વાયુની ગતિ સ્થિર ન રહે તેમ જેના ચિત્તકમળમાં સ્ત્રીઓનું વિલસિત સ્થિર ન રહે એવા ધન્યપુરુષને નમસ્કાર થાઓ. ॥૧૪૮॥

સ્ત્રીઓના ભ્રૂભંગરૂપી ફણાવાળા અને ચળકતા મધ્ય ભાગવાળા દેહરૂપી ગર્વિષ્ઠ સર્પોવડે જેમનો સદ્ધ્યાનરૂપી દીપક ઓલવાયો નથી એવા સંયમીશ્રેષ્ઠને નમસ્કાર થાઓ. ॥૧૪૯॥

૧. ઘણી તપાસ કરવા છતાં આ ગાથા અધુરી જ પ્રાપ્ત થઈ છે.

# પરિગ્રહ પ્રક્રમ

**शार्दूलविक्रीडितवृत्तम्**

भूयोभारभराभिभूततरणी वार्द्धाविवोद्भीषणे,
संसारे सपरिग्रहा तनुजुषां राजिर्निमज्जत्यधः ।
तत्काङ्क्षन्ति परिग्रहं जपतपश्चारित्रपावित्र्यधीः,
शुद्धध्यानविधौ विधुंतुदममुं मोक्तुं विमुक्तौ रताः ॥१५१॥

**उपजातिवृत्तम्**

प्रद्वेषबंधुः कलहैकसिंधुः,
प्रमादपीनः कुमताध्वनीनः ।
औद्धत्यहेतुर्धृतिधूमकेतुः,
परिग्रहोऽयं दुरितद्रुतोयम् ॥१५२॥

पित्रोरुपास्तिं सुकृतानुशास्तिं,
प्राज्ञैः प्रसंगं गुणवत्सु रंगम् ।
परिग्रहप्रेरितचित्तवृत्ति र्जहाति
चैतन्यमिव प्रमीतः ॥१५३॥

જેમ અતિભારથી ભારે થયેલી નાવ ભીષણ સમુદ્રમાં નીચે નીચે ડુબે છે તેમ પરિગ્રહયુક્ત પ્રાણીઓનો સમૂહ સંસારમાં નીચે નીચે (દુર્ગતિમાં) જાય છે તેથી મુક્તિ રૂપી સ્ત્રીમાં આસક્ત થયેલા પ્રાણીઓ જપ, તપ, ચારિત્ર અને પવિત્રતાની બુદ્ધિને તથા શુદ્ધ ધ્યાનરૂપી ચન્દ્રને ગ્રસિત કરવામાં રાહુ ગ્રહ સમાન તે પરિગ્રહથી મુક્ત થવા માટે ઈચ્છે છે. ॥૧૫૧॥

આ પરિગ્રહ દ્વેષના ભાઈ જેવો છે. કજીયાના સાગર જેવો છે. પ્રમાદથી પુષ્ટ થયેલો છે. કુમતનો મુસાફર છે. ઉદ્ધતાઈનો હેતુ છે. ધીરજને બાળવા માટે અગ્નિ જેવો છે અને પાપરુપી વૃક્ષને સીંચવા માટે જલ જેવો છે. ॥૧૫૨॥

મરેલો માણસ જેમ ચૈતન્યને છોડે તેમ પરિગ્રહથી પ્રેરાયેલી માનસિકતાવાળો માનવી માત-પિતાની સેવાને, સુકૃતના ઉપદેશને, વિદ્વાનો સાથેના સત્સંગને તથા ગુણવાનો પ્રત્યેના રાગને છોડે છે. ॥૧૫૩॥

शार्दूलविक्रीडितवृत्तम्

नादित्यादपरः प्रतापनपटुर्नाब्धेः परस्तोयवान्,
नैवान्यः पवमानतश्च चटुलो दृष्टो न मृत्योः परः ।
नैवाग्नेरितरः क्षुधाक्षुभितधीश्चौरः स्मराच्चेतरो,
दोषाढ्यान्न परिग्रहात्परमघस्थानं तथा सर्वथा ।।१५४।।

धर्मध्यानमधीरयंस्तरूमिव प्रोत्सर्पि कल्पानिलः,
प्रीतिं पंकजिनीमिव द्विपपतिर्निर्मूलमुन्मूलयन् ।
प्रावीण्यं च पयोजिनीपतिमिव स्वर्भाणुराच्छादयन् ।
श्लाघामेति परिग्रहः किमु कदा कादम्बरीपानवत् ।।१५५।।

## गुण प्रक्रम

उपजातिवृत्तम्

तुम्बेषु चापेषु च मौक्तिकेषु,
गुणाधिरोपान्महिमामुदीक्ष्य ।
कार्यः कदर्यैरिव काञ्चनेषु,
यत्नो गुणेष्वेव मनस्विमान्यैः ।।१५६।।

જેમ સૂર્યથી અધિક બીજું કોઈ તેજસ્વી નથી, સમુદ્રથી અધિક બીજું કોઈ જલવાન્ નથી, પવનથી અધિક બીજું કોઈ ચંચળ નથી, યમરાજથી અધિક બીજું કોઈ દુષ્ટ નથી, અગ્નિથી અધિક બીજું કોઈ ક્ષુધાતુર નથી અને કામદેવથી અધિક બીજું કોઈ ચોર નથી તેમ દોષોથી ભરેલા પરિગ્રહથી અધિક બીજું કોઈ પાપનું સ્થાનક નથી. ।।૧૫૪।।

વૃક્ષને કંપાવતા કલ્પાંતકાલના વધતા પવનની જેમ જે ધર્મધ્યાનને કંપાવે છે, કમળિનીને મૂળથી ઉખેડતા ગજરાજની જેમ જે પ્રીતિને મૂળથી ઉખેડે છે તથા ચન્દ્રને આચ્છાદિત કરતા રાહુની જેમ જે કુશળતાને આચ્છાદિત કરે છે એવો પરિગ્રહ મદ્યપાનની જેમ કદીપણ પ્રશંસાને પામતો નથી. ।।૧૫૫।।

તુંબડાઓમાં, ધનુષ્યોમાં અને મોતીઓમાં આરોપિત થયેલી દોરીના (ગુણના) મહિમાને જોઈને લોભી માણસ સોનું મેળવવાનો જેવો પ્રયત્ન કરે તેવો પ્રયત્ન બુદ્ધિશાળીઓએ ગુણો મેળવવા માટે કરવો જોઈએ. ।।૧૫૬।।

दौर्जन्यसज्जे मनुजे वसन्तो,
गुणा भवेयुर्नहि गौरवाय ।
गुणाधिरोपः परपीडनाय,
कदापि चापेष्विव किं न दृष्टः ?।।१५७।।

**मन्दाक्रान्तावृत्तम्**

वेषव्यूतिर्विशदवसनादेव साध्यातिमेध्या,
विद्या हृद्या स्वमतिविभवादेवलभ्यातिसभ्या ।
वित्तावाप्तिर्भवति च बहोरूद्यमादेव दिव्या,
वस्त्रप्रज्ञोद्यमपरिचयैः प्राप्यते नो गुणौघः ।।१५८।।

**इन्द्रवज्रावृत्तम्**

पाषाणखंडान्यपि मौक्तिकानि,
यत्संक्रमाल्लोलविलोचनानाम्,
वक्षःस्थलेऽलङ्करणीभवन्ति,
तेषां गुणानां महिमा महीयान् ।।१५९।।

દુર્જનતાથી ભરેલા મનુષ્યમાં રહેલા ગુણો ગૌરવ માટે થતા નથી પરંતુ પરપીડા માટે થાય છે. શું તે ક્યારેય જોયું નથી? કે ધનુષ્યમાં કરેલું ગુણનું અર્થાત્ દોરીનું આરોપણ પરપીડા માટે થાય છે. ।।૧૫૭।।

અતિ પવિત્ર વેષની રચના નિર્મળ વસ્ત્રથી જ થાય છે, અતિ સંસ્કારી અને મનોહર વિદ્યા પોતાના મતિવૈભવથી જ લભ્ય છે તથા દિવ્ય ધનની પ્રાપ્તિ ઘણા ઉદ્યમથી જ થાય છે પરંતુ વસ્ત્ર-પ્રજ્ઞા અને ઉદ્યમને ભેગા કરવાથી પણ ગુણોનો સમૂહ પ્રાપ્ત થઈ શકતો નથી. ।।૧૫૮।।

પાષાણના ટુકડા જેવા પણ મોતીઓ જેમાં પરોવવાથી સ્ત્રીઓની વક્ષઃસ્થળની શોભા માટે થાય છે તે ગુણોનો (દોરીનો) જ મોટો મહિમા છે. ।।૧૫૯।।

## शार्दूलविक्रीडितवृत्तम्

जातिः शारदशर्वरीश्वररूचां सौन्दर्यसंहारिणी,
बुद्धिर्बह्वसमानवाङ्मयसरिन्नाथप्रमाथाद्रिराट् ।
रूपं दर्पकदर्पसर्पफणभृत्प्रत्यर्थितुल्यं पुन-
स्तादृग्गौरवभाजनं भवति नो यादृग्गुणानां गणः ।।१६०।।

## વૈરાગ્યપ્રક્રમ

ग्रामीणेष्विव नागरोऽर्ककुसुमस्तोमेष्विवालिर्युवा,
मातंगो मरुमेदिनीष्विव मृगो दग्धेषु दावेषु च ।
चक्रश्चंदिरदीधितिष्विव शमीगर्भेष्विवाम्भश्चरो,
नो भोगेषु रतिं करोति हृदयं वैराग्यभाजां क्वचित् ।।१६१।।

यद्वाञ्छन्ति न दुर्भगामिव वधूं प्रोत्तुंगपीनस्तनीं,
यत्स्निह्यन्ति न तस्करैरिव सदा मुत्सुन्दरैः सोदरैः ।
नो मुह्यन्ति च पन्नगेष्विव मणिहारेष्वपारेषु च,
योगोद्योगनियोगिनः प्रशमिनस्तत्साम्यलीलायितम् ।।१६२।।

ગુણોનો સમૂહ જેવો ગૌરવપાત્ર થાય છે તેવા ગૌરવને પાત્ર શરદપૂનમના ચંદ્રના કિરણોની સુંદરતાના ભેગા થયેલા સમુદાયને ટપી જાય તેવો નિર્મળ (કુળમાં) જન્મ પણ થતો નથી. અત્યંત અગાધ વાઙ્મયરૂપી સમુદ્રનું મંથન કરવા માટે હિમાલય પર્વત સમી બુદ્ધિ પણ થતી નથી તથા કામદેવના અહંકારરૂપી સર્પ માટે ગરુડ તુલ્ય રૂપ પણ થતું નથી. ।।૧૬૦।।

જેમ ગામડીયાઓમાં શહેરી માણસ, આંકડાના ફૂલોમાં ઉત્તમ ભમરો, મરુભૂમિમાં હાથી, દાવાનળથી દાઝેલા વનમાં મૃગલો, ચન્દ્રના પ્રકાશમાં ચક્રવાક પક્ષી તથા અગ્નિમાં જળચર પ્રાણી આનંદને પામતા નથી તેમ વૈરાગીઓનું હૃદય ભોગોમાં ક્યારેય આનંદને પામતું નથી. ।।૧૬૧।।

યોગની પ્રવૃત્તિમાં જોડાયેલા સમતાવંત પુરુષો ઉંચા અને ભરાવદાર સ્તનવાળી સ્ત્રીને દુર્ભાગિણીની જેમ જે ઈચ્છતા નથી, સદા આનંદને આપનારા ભાઈઓ સાથે જે ચોર લોકોની જેમ સ્નેહ કરતા નથી અને અપાર એવા મણિ-હારોમાં પણ સાપની જેમ જે મોહાતા નથી તે બધો સામ્યનો (વૈરાગ્યનો) પ્રભાવ છે. ।।૧૬૨।।

यत्संसारसरोजसोमसदृशं यद्दम्भदीपद्युतौ,
सर्पः( ? ) सूर्पकशत्रुदर्पदलने यच्चन्द्रचूडामणिः ।
यत्सद्बुद्धिवधूविनोदसदनं यत्साम्यसंजीवनं,
वैराग्यं लसदात्मने प्रियसुहृत्तद्देहि देहि प्रियम् ॥१६३॥

**स्त्रग्धरावृत्तम्**

यत्कान्ताकेलिकुण्ठं यदमृतमधुरे भोजने भग्नभावं,
यन्माल्यामोदमन्दं यदघननिनदे वाद्यवृन्दे सनिद्रम् ।
यत्सद्रूपस्वरूपेक्षणसुखविमुखं यत्क्षणे क्षीणकाङ्क्षं,
यद्वित्ते वीतवाञ्छं हृदयमिदमभूत्तद्विरक्तत्वचिह्नम् ॥१६४॥

**शार्दूलविक्रीडितवृत्तम्**

हेमन्ते हिमवातवेल्लितवने वस्त्रैर्विना यत्स्थिति-
र्ग्रीष्मे भीष्मखरांशुकर्कशरजःपुञ्जेषु शय्या च यत् ।
यद्वर्षासु गिरेर्गुहासु वसतिश्चैकाकिनां योगिनां,
तद्दुर्ध्याननिबंधनैरविजितं वैराग्यविस्फुर्जितम् ॥१६५॥

જે સંસારરૂપી સૂર્ય વિકાસી કમળમાટે ચન્દ્ર સમાન છે. દંભરૂપી દીવાના પ્રકાશ માટે સર્પ સમાન છે. કામદેવના અભિમાનને દળવા માટે મહાદેવ સમાન છે. સદ્બુદ્ધિરૂપી વહુના ક્રીડાગૃહ સમાન છે તથા જે સમતાને સજીવન કરનાર છે એવા દેદિપ્યમાન અને અનુકુળ વૈરાગ્યને હે પ્રિયમિત્ર ! તું આત્માને આપ. ।।૧૬૩।।

આ હૃદય જે સ્ત્રી સાથેની ક્રીડામાં પ્રમાદી થયું છે. અમૃત જેવા મધુર ભોજનમાં રસ વિનાનું થયું છે. ફુલની સુગંધીમાં સુસ્ત થયું છે. ગંભીર ધ્વનીવાળા વાદ્ય સમૂહોમાં આળસું થયું છે. સુંદર રૂપ જોવાના સુખથી વિમુખ થયું છે. તેમજ વ્યાપારમાં કાંક્ષારહિત અને ધનમાં વાંછારહિત થયું છે તે વિરાગીપણાનું લક્ષણ છે. ।।૧૬૪।।

હેમંતઋતુમાં થંડા પવનથી કંપતા વનમાં વસ્ત્ર વિના જે સ્થિર રહેવું અને ગ્રીષ્મ ઋતુમાં સૂર્યના પ્રચંડ કિરણોથી તપ્ત ખરબચડી ધૂળના ઢગલામાં જે શય્યા કરવી તથા વર્ષાઋતુમાં પર્વતની ગુફામાં એકાકી એવા યોગીઓનું જે વસવું તે બધો દુર્ધ્યાનના કારણોથી નહી જીતાયેલા વૈરાગ્યનો જ પ્રભાવ છે. ।।૧૬૫।।

## વિવેકપ્રક્રમ

काव्यानां करणैः कृतं सुरूचिरैर्वाचां प्रपञ्चैः सृतं,
पूर्णं बाहुबलैरलं च तपसां पूरैः प्रसिद्ध्यंकुरैः ।
एकश्छेकजनैः प्रमोदविपणिः सेव्यो विवेकः सखे !
सर्वा येन विनेन्दुनेव रजनिः श्रेणिर्गुणानां मुधा ।।१६६।।

यस्मिन् रम्यरूचेर्यशः कुमुदिनीभर्तुर्भवेत्संभवः,
सम्प्राप्त्यै विबुधेश्वरैरिह गवां यः सेव्यते रत्नभूः ।
येनोद्यत्कतिहारिणी गुणमणिश्रेणिश्च विश्राण्यते,
दत्ते कस्य हरेरिवैष न रमां वैदग्ध्य दुग्धोदधिः ।।१६७।।

वैराग्यं सुभगं तदेव यशसां राशिः स एवोल्लसन्,
स्फुर्तिः सैव शुभा च सैव च गुणश्रेणिर्मनोहारिणी,
ध्यानं धन्यतमं तदेव वचसामोघस्स एवानघ-
स्तारास्विन्दुसमन्दमन्दभवनं यत्रौचिती चञ्चति ।।१६८।।

હે મિત્ર ! સુરસાળ એવી કાવ્ય રચના અને વાક્ય રચના કરવાથી સર્યું, પૂર્ણ એવા બાહુબળથી અને પ્રસિદ્ધિના અંકુરા સરખા તપના સમૂહથી પણ સર્વપ્રકારે સર્યું, ચતુર લોકોએ આનંદની બજાર સમા એક વિવેકને જ સેવવા યોગ્ય છે કેમકે ચન્દ્રવિના જેમ રાત ફોગટ છે તેમ વિવેક વિના ગુણોની બધી જ શ્રેણી ફોગટ છે. ।।૧૬૬।।

જેમાંથી રમ્યકિરણોવાળા યશરૂપી ચન્દ્રની ઉત્પત્તિ થાય છે. જે રત્નભૂમિ શબ્દોની (વાણીની) પ્રાપ્તિ માટે પંડિતવર્યો વડે સેવાય છે અને જેનાવડે ઉદય પામતી મનોહર એવા ગુણરત્નોની શ્રેણિને અપાય છે એવો વિવેકરૂપી ક્ષીરસાગર વિષ્ણુની જેમ કોણે લક્ષ્મી ન આપે? (બધાને જ આપે) ।।૧૬૭।।

તે જ વૈરાગ્ય શ્રેષ્ઠ છે, તે જ યશનો સમૂહ પ્રગટ છે, તે જ પ્રસિદ્ધિ શુભ છે, તે જ ગુણોની શ્રેણિ મનોહર છે, તે જ ધ્યાન ધન્યતમ છે અને તે જ વચનનો સમૂહ પાવન છે જ્યાં તારામાં જેમ ચન્દ્ર ઝળકે તેમ થોડા કે ઘણા અંશે વિવેક ઝળકે છે. ।।૧૬૮।।

घर्मांशुर्ग्रहधोरणीष्विव करिव्रातेष्विवैरावण:,
कल्पद्रु: पृथिवीरुहेष्विव फणिश्रेणिष्विवाहीश्वर: ।
स्व:शैलो धरणीधरेष्विव हयस्तोमेष्विवोच्चै:श्रवा,
भाति ख्यातिगृहं गुणेषु विलसन्नेको विवेकोदय: ।।१६९।।

यस्माद्याचकलोककोकरुचिमानर्थ: समर्थोदय:,
कामश्चैन्द्रियचित्तवृत्तितटिनीप्रोत्कर्षवर्षागम: ।
धर्मश्च त्रिदिवापुनर्भवभव: प्रादुर्भवत्यञ्जसा,
नव्योऽयं मुदमातनोतु महतामौचित्यचिंतामणि: ।।१७०।।

भक्तिस्तीर्थकृतां नति: प्रशमिनां जैनागमानां श्रुति-
र्मुक्तिर्मत्सरिणां पुन: परिचितिर्नैपुण्यपुण्यात्मनाम् ।
अन्येषां गुणसंस्तुति: परिहृति: क्रोधादिविद्वेषिणां,
पापानां विरती रति: स्वसुदृशामेषा गतिर्धर्मिणाम् ।।१७१।।

જેમ ગ્રહશ્રેણિમાં સૂર્ય, હાથીના સમૂહમાં ઐરાવતહાથી, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, સર્પોની શ્રેણિમાં શેષનાગ, પર્વતોમાં મેરુપર્વત તથા ઘોડાના સમૂહમાં ઉચ્ચૈશ્રવા (ઈન્દ્રનો ઘોડો) શોભે છે તેમ ગુણોમાં શ્રેષ્ઠ અને કીર્તિના સ્થાનક સરખો દીપતો વિવેકનો લાભ શોભે છે. ।।૧૬૯।।

જેનાથી યાચક લોકરૂપી ચક્રવાક માટે સૂર્ય સમાન અર્થનો સમર્થ લાભ થાય છે વળી જેનાથી ઈન્દ્રિય અને ચિત્તવૃત્તિરૂપી નદીના ઉત્કર્ષ માટે વર્ષાના આગમન સમાન કામનો લાભ થાય છે તથા જેનાથી સ્વર્ગ અને મોક્ષના મૂળ સમાન ધર્મ વસ્તુતઃ પ્રગટ થાય છે એવું વિવેકરૂપી નૂતન ચિંતામણીરત્ન મહાપુરુષોને આનંદ આપનારું બનો. ।।૧૭૦।।

તીર્થંકરોની ભક્તિ, સાધુઓને નમન, જૈનાગમોનું શ્રવણ, વૈરીઓનો ત્યાગ, સદાચારમાં કુશળલોકોનો પરિચય, બીજાના ગુણની પ્રશંસા, ક્રોધાદિ આંતર શત્રુઓનો પરિહાર, પાપોની વિરતિ તથા પોતાની પત્નીમાં સંતોષ ધર્મી માણસોની આવી પ્રવૃત્તિ હોય છે. ।।૧૭૧।।

सौजन्यं जनकः प्रसूरुपशमस्त्यागादरः सोदरः,
पत्नी पुण्यमतिः सुहृद्गुणगणः पुत्रस्त्रपासंगमः ।
नैर्दम्भ्यं भगिनी दया च दुहिता प्रीतिश्च मातृस्वसा,
सान्द्रानन्दकुटं कुटुम्बकमिदं प्राहुः सतां धीधनाः ।।१७२।।

### इन्द्रवज्रावृत्तम्

अर्चार्हतां संयमिनां नमस्या,
संगः सतां संश्रुतिरागमानाम् ।
दानं धनानां करुणाङ्गभाजां,
मार्गोऽयमार्यैरुदितः शिवस्य ।।१७३।।

### उपजातिवृत्तम्

विस्फुर्तिमत्कीर्तिरनिंद्यविद्या,
समृद्धिरिद्धा रमणीयरूपम् ।
सौभाग्यसिद्धिर्विमलं कुलं च,
फलानि धर्मस्य षडप्यमूनि ।।१७४।।

સૌજન્યરૂપી પિતા, સમતારૂપી માતા, ઉદારતારૂપી ભાઈ, પવિત્ર બુદ્ધિરૂપી પત્ની, ગુણોના સમૂહરૂપી મિત્રો, લજ્જાની સોબતરૂપી પુત્ર, સરળતારૂપી બહેન, દયારૂપી દીકરી અને મમતારૂપી માસી અત્યંત આનંદના ઘર જેવા સજ્જનોના આવા કુટુંબને બુદ્ધિશાળીઓએ કહ્યું છે. ।।૧૭૨।।

અરિહંત પરમાત્માની પૂજા, વિરતિધરોને વંદના, સજ્જનોનો સત્સંગ, આગમોનું શ્રવણ, સંપત્તિનું દાન અને જીવોની દયા શિષ્ટપુરુષોએ મોક્ષનો (કલ્યાણનો) આ માર્ગ કહ્યો છે. ।।૧૭૩।।

ઉજ્જવળ કીર્તિ, શ્રેષ્ઠ વિદ્યા, શુદ્ધ (ન્યાય સંપન્ન) સમૃદ્ધિ, સુંદર રૂપ, સૌભાગ્ય પ્રાપ્તિ, અને નિર્મળ કુળ આ છએ ધર્મ (વૃક્ષ)ના ફળો છે. ।।૧૭૪।।

सौहार्ददृष्टिः सुकृतैकपुष्टिः,
परोपकारः करुणाधिकारः ।
विवेकयोगः समताभियोगः,
संतोषवृत्तिः कृतिनां प्रवृत्तिः ।।१७५।।

ज्ञानी विनीतः सुभगः सुशीलः,
प्रभुत्ववान्न्यायपथप्रवृत्तः ।
त्यागी धनाढ्यः प्रशमी समर्थः,
पञ्चाप्यमी भूमिषु कल्पवृक्षाः ।।१७६।।

दुःस्थोऽपि यः पातकभीतचेता,
युवापि यो मारविकारहीनः ।
आढ्योऽपि यो नीतिमतां धुरीण-
स्त्रयोऽप्यमी देवनदीप्रवाहाः ।।१७७।।

સૌહાર્દસભર નજર, પુણ્યનું પોષણ, પરોપકાર, દયાળુપણું, વિવેકપૂર્ણ વ્યવહાર, સમત્વનો અભ્યાસ અને સંતોષવૃત્તિ આ પુણ્યપુરુષોની પ્રવૃત્તિ છે. ।।૧૭૫।।

જ્ઞાની હોવા સાથે વિનમ્ર હોય, સૌભાગ્યવાન્ હોવા સાથે સદાચારી હોય, સત્તાવાન્ હોવા સાથે ન્યાય માર્ગે ચાલનારો હોય, ધનવાન્ હોવા સાથે દાનવીર હોય અને શક્તિશાળી હોવા સાથે ક્ષમાવાન્ હોય આ પાંચે જગતમાં કલ્પવૃક્ષ સમાન છે. ।।૧૭૬।।

ગરીબ હોવા છતાં જે પાપભીરુ હોય, યુવાન્ હોવા છતાં જે કામ વિકારથી રહિત હોય, અને શ્રીમંત હોવા છતાં જે ન્યાયવાનોમાં ધુરંધર હોય આ ત્રણેય ગંગાના પ્રવાહો છે. (અર્થાત્ ગંગાના પ્રવાહ જેવા પાવન છે.) ।।૧૭૭।।

### शार्दूलविक्रीडितवृत्तम्

वृत्तिर्नीतिमती रमा च परमा शश्वद्विनीताः सुता,
बंधुर्बंधुरधीर्मतिः स्मृतिमती वंशः प्रशंसास्पदम् ।
वीर्यं वर्यतरं वचश्च मधुरं मूर्तिश्च विस्फुर्तिभाक्,
सानंदं विदुरैरिदं निगदितं धर्मस्य लीलायितम् ।।१७८।।

### प्रशस्तिः

शास्त्रैः शास्त्रवतां बलैर्बलभृतां श्रीभिः श्रियाशालिनां,
शीलैः शीलजुषां गुणैर्गुणजुषां धीभिश्च धीमालिनाम् ।
सर्वेषां गुरुरस्त्यमी मम पुनर्मत्वेति येषां व्यधाद्
विश्वानंदकरीं जगद्गुरुरिति ख्यातिं हुमायुसुतः ।।१७९।।

तेषां चन्दनचन्द्रमौक्तिककुमुत्कैलासशैलोल्लसत्,
कीर्तिस्फीतमरीचिमण्डितदिशां प्रौढप्रतिष्ठास्पृशाम् ।
सूरीणां मुनिहीरहीरविजयाह्वानां शिवश्रीमतां,
राज्ये राजिनि विज्ञहेमविजयः सूक्तावलिं निर्ममे ।।१८०।।

નીતિયુક્ત વ્યવસાય, શ્રેષ્ઠ પત્ની, હંમેશા નમ્ર પુત્રો, સુંદર વિચારવાળા સ્વજનો (મિત્રો કે ભાઈઓ), સ્મૃતિસંપન્ન બુદ્ધિ, પ્રશંસાપાત્ર વંશ, અતિ ઉત્તમ તેજ, મધુર વાણી અને દેદીપ્યમાન દેહ આ બધો ધર્મનો જ પ્રભાવ છે. એમ જ્ઞાનીઓએ પ્રસન્નતા પૂર્વક કહ્યું છે. ।।૧૭૮।।

જેઓ શાસ્ત્રોથી શાસ્ત્રજ્ઞોના, બળથી બળવાનોના, લક્ષ્મીથી લક્ષ્મીવાનોના, શીલથી શીલસંપન્નોના, ગુણોથી ગુણસંપન્નોના અને બુદ્ધિથી બુદ્ધિશાળીઓના ગુરુ છે અને વળી મારા પણ ગુરુ છે એમ માનીને અકબર બાદશાહે જેમની ‘‘જગદ્ગુરુ’’ એ પ્રમાણેની વિશ્વાનંદકરી પ્રખ્યાતિ કરી છે એવા ચંદન, ચન્દ્ર, મોતી, શ્વેતકમળ અને હિમાલય પર્વત જેવી ઉજ્વળ કીર્તિના વધતા કિરણોથી દિશાઓને શણગારનારા, પ્રૌઢ પદવીને પામનારા અને કલ્યાણની લક્ષ્મીવાળા મુનિઓમાં હીરા સમાન વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના મનોહર સામ્રાજ્યમાં પંડિત શ્રીહેમવિજયજી ગણિએ આ સૂક્તાવલી રચી છે. ।।૧૭૯-૧૮૦।।

**मालिनीवृत्तम्**

कमलविजयसञ्ज्ञप्राज्ञपारीन्द्रपाद-
द्वयकमलविलासे भृङ्गतां संगतेन ।
रसिकजनविनोदा सूत्रिता सूक्तिमाला,
श्रियमयतु जनानां कण्ठपीठे लुठन्ती
॥ १८१॥

**वसंततिलकावृत्तम्**

सत्सूत्रमौक्तिकमहोदधितुल्यगुम्फः ।
प्राज्ञेन्दुहेमविजयेन विनिर्मितो यः ।
आदायसूक्तजलमम्बुधरा इवास्माद्,
व्याख्याजुषः क्षितितलं सुखयन्तु सन्तः
॥१८२॥

**॥ इति श्रीकस्तूरीप्रकरः॥**

શ્રી કમળવિજયજી ગણિ નામના પંડિત શિરોમણિ (ગુરુ) ના બન્ને ચરણ કમળમાં ભ્રમરપણાને પામેલા શ્રી હેમવિજયજી ગણિએ રચેલી રસિકજનોને આનંદ આપનારી આ સૂક્તિમાલા લોકોના કંઠ પ્રદેશે ઝુલતી રહીને લક્ષ્મીને આપો. ।।૧૮૧।।

ઉત્તમ સૂત્રરૂપી મોતીઓ માટે મહાસાગર સમાન આ રચના વિદ્વાનોમાં ચન્દ્ર સમાન શ્રી હેમવિજયજી ગણિએ રચેલી છે. આમાંથી મેઘની જેમ સૂક્તરૂપી જલને ગ્રહણ કરીને વ્યાખ્યાને પામેલા સજ્જનપુરુષો (વર્ષાની જેમ) પૃથ્વીતલને પ્રસન્ન કરો. ।।૧૮૨।।

...નોંધ...

## પાર્શ્વાભ્યુદય પ્રકાશનની સાહિત્ય યાત્રાના યાત્રી બની પોતાની શ્રુતભક્તિ પ્રદર્શિત કરનાર મહાનુભાવોના શુભ નામ

શ્રી દીપકભાઈ રમણિકલાલ શાહ
અમદાવાદ

શ્રી ધીરેન્દ્રભાઈ કાંતિલાલ પારેખ
મુંબઈ

શ્રી ઉકચન્દજી જુગરાજજી સાલેચા
અમદાવાદ

વિરતિ પરિવાર
અમદાવાદ

પ્રવિણચંદ્ર હિંમતલાલ વ્યાસ
અમદવાદ

શ્રી જ્યોતિન્દ્રભાઈ જે. શાહ
અમદાવાદ

શ્રી ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ શાહ
નાસિક

શ્રી હેમેન્દ્રભાઈ માણેકલાલ સંઘવી
મુંબઈ

શ્રી મહારાષ્ટ્રભુવન ચાતુર્માસ આરાધકો, વિ. સં. ૨૦૫૫, પાલિતાણા
અ. સૌ. માનકુંવરબેન નરોત્તમદાસ મહેતા સપરિવાર, મોટી વાવડી, હાલ-મુંબઈ





श्री हेमसुकवेस्तस्य,
हेमसूरेरिवाऽभवत् ,
वाग्लालित्यं तथा देवे,
गुरौ भक्तिश्च भूयसी ।
यदिया कविता कान्ता,
न केषां कौतुकावहा
विनाऽपि हि रजो यस्मिन्
यशः सूतमसूत या ॥

કવિશ્રેષ્ઠ શ્રી હેમવિજયજી ગણિની વાણીમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજીની વાણી જેવું લાલિત્ય હતું...તેઓશ્રીની દેવ અને ગુરુ પ્રત્યેની ભક્તિ અપાર હતી....જેઓશ્રીની કવિતારુપી કાન્તાએ રજવિનાની હોવા છતાં 'યશ' રૂપી પુત્રને જન્મ આપીને બધાને આશ્ચર્યચકિત કર્યા છે....

પાર્શ્વાભ્યુદય પ્રકાશન
અમદાવાદ

ISBN 978-81-920441-6-3

Mati Creation
022 2200 7678